


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 08 | Issue- 186 | AD - 2025, Chaitra Sud- 14 | Friday, Dt.11-04-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### આતંકીને દિલ્હી એરપોર્ટ પર કડક સુરક્ષા વચ્ચે લાવવામાં આવ્યો, તબીબી તપાસ બાદ એનઆઈએ કોર્ટમાં રજૂ કરાશે

# મુંબઈ આતંકવાદી હુમલાના આરોપી તહવ્વુર રાણાને અમેરિકાથી દિલ્હી લવાયો

નવીદિલ્હી,તા.૧૦

૨૬/૧૧ના મુંબઈ આતંકવાદી હુમલાનો આરોપી તહવ્વુર રાણાને દિલ્હી લાવવામાં આવ્યો છે. એનઆઈએની ૭ સભ્યોની ટીમ તહવ્વુર રાણાને અમેરિકાથી દિલ્હી લાવી છે. દિલ્હી એરપોર્ટ પર કડક સુરક્ષા વચ્ચે તેઓ અહીં પહોંચ્યા હતા. તહવ્વુર રાણાની તબીબી તપાસ કરવામાં આવશે અને ત્યારબાદ એનઆઈએ કોર્ટમાં રજૂ કરવામાં આવશે. રાણાને અમેરિકાથી ભારત લાવ્યા પછી, તેને તિહાર જેલના ઉચ્ચ સુરક્ષા વોર્ડમાં રાખી શકાય છે. સૂત્રોએ જણાવ્યું હતું કે,

૬૪ વર્ષીય તહવ્વુર રાણાને દિલ્હીની તિહાર જેલમાં ઉચ્ચ સુરક્ષા વોર્ડમાં રાખવામાં આવશે. તેમણે કહ્યું કે આતંકવાદીને રાખવા માટે જેલમાં તમામ જરૂરી તૈયારીઓ પહેલાથી જ કરી લેવામાં આવી છે. તહવ્વુર રાણા ૨૦૦૮ના મુંબઈ આતંકવાદી હુમલાના મુખ્ય કાવતરાખોરોમાંના એક ડેવિડ કોલમેન હેડલી ઉર્ફે દાઉદ ગિલાનીનો નજીકનો સાથી છે. રાણાને લઈને એક ખાસ ચાર્ટર્ડ ફ્લાઈટ બુધવારે (૯ એપ્રિલ) અમેરિકાથી ભારત જવા રવાના થઈ હતી.

૨૦૦૮ના આતંકવાદી હુમલામાં ૧૬૬ લોકો માર્યા ગયા હતા. તહવ્વુર રાણાને અમેરિકાથી ભારત લાવવા માટે લાંબી કાનૂની લડાઈ બાદ તેનું પ્રત્યાર્પણ કરવામાં આવ્યું છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે રાણાને રાષ્ટ્રીય તપાસ એજન્સીની કસ્ટડીમાં લેવામાં આવશે, જે રિસર્ચ એન્ડ એનાલિસિસ વિંગ સાથે મળીને તેના પ્રત્યાર્પણનું સંકલન કરી રહી છે. તેમને ટૂંક સમયમાં દિલ્હીની કોર્ટમાં રજૂ કરવામાં આવે તેવી શક્યતા છે. રાણા પર ગુનાહિત કાવતરું, ભારત સરકાર સામે યુદ્ધ છેડવું, હત્યા,



બનાવટ અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ સહિત અનેક કલમો હેઠળ આરોપ મૂકવામાં આવ્યા છે. જોકે, મુંબઈ પોલીસને હજુ સુધી તેમના શહેરમાં ટ્રાન્સફર અંગે કોઈ સત્તાવાર માહિતી મળી નથી. પરંતુ એવું માનવામાં આવે છે કે જ્યારે તેને મુંબઈ લઈ જવામાં આવશે, ત્યારે તેને આર્થર રોડ જેલના એ જ સેલમાં રાખવામાં આવશે જ્યાં આતંકવાદી કસાબને રાખવામાં આવ્યો હતો. ડેવિડ કોલમેન હેડલીનો સહયોગી હોવા ઉપરાંત, રાણાના પાકિસ્તાનની ઈન્ટર-સર્વિસિસ ઈન્ટેલિજન્સ અને આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબા સાથે ગાઢ સંબંધો હોવાનું માનવામાં આવે છે.

ફેબ્રુઆરીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વ્હાઈટ હાઉસ મુલાકાત દરમિયાન યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા રાણાના પ્રત્યાર્પણની જાહેરાત કરવામાં આવી હતી. આ પછી, રાણાએ સુપ્રીમ કોર્ટમાં પ્રત્યાર્પણ રોકવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ હવે તેની બધી કાનૂની અપીલો ફગાવી દેવામાં આવી છે. અમેરિકા સાથેના પ્રત્યાર્પણ કરાર હેઠળ તહવ્વુર રાણાની કરારની કલમ ૮ ની કલમ ૧ મુજબ, જો પ્રત્યાર્પણની માંગ કરનાર દેશને તે ગુના માટે મૃત્યુદંડની સજા હોય જેમાં પ્રત્યાર્પણની માંગ કરવામાં આવી રહી હોય અને જે દેશમાંથી પ્રત્યાર્પણ થવાનું હોય ત્યાં મૃત્યુદંડની સજા ન હોય, તો પ્રત્યાર્પણની અપીલ નકારી શકાય છે. તેના ફકરા ૧ (બી)માં જણાવાયું છે કે પ્રત્યાર્પણની માંગ કરનાર દેશે ખાતરી આપવી પડશે કે જો આરોપીને મૃત્યુદંડની સજા ફટકારવામાં આવે છે, તો સજાનો અમલ કરવામાં આવશે નહીં. આ કલમની કલમ ૨ જણાવે છે કે પ્રત્યાર્પણ માંગનાર દેશ આ કલમના ફકરા ૧ (બી) હેઠળ ખાતરી આપશે કે જો આરોપીને તેમની કોર્ટ દ્વારા મૃત્યુદંડની સજા ફટકારવામાં આવે છે, તો સજાનો અમલ કરવામાં આવશે નહીં. ભારત અને અમેરિકાએ ૨૫ જૂન ૧૯૯૭ ના રોજ આ કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. ભારત વતી તત્કાલીન વિદેશ રાજ્યમંત્રી સલીમ ઈકબાલ શેરવાની અને અમેરિકા વતી સ્ટ્રોબ ટાલબોટે તેના પર હસ્તાક્ષર કર્યા હતા.

# ૧૬ એપ્રિલે વક્ફ કાયદા સામે 'સુપ્રીમ' સુનાવણી શરૂ થશે

નવીદિલ્હી,તા.૧૦

સુપ્રીમ કોર્ટે વક્ફ (સુધારા) કાયદાની બંધારણીય માન્યતાને પડકારતી અરજીઓ પર સુનાવણી કરવા સંમતિ આપી છે. ભારતના મુખ્ય ન્યાયાધીશ સંજીવ ખન્નાની આગેવાની હેઠળની બેન્ચ ૧૬ એપ્રિલે અરજીઓ પર સુનાવણી કરશે. સીજેઆઈ ઉપરાંત, ન્યાયાધીશ સંજય કુમાર અને ન્યાયાધીશ કેવી વિશ્વનાથન ત્રણ ન્યાયાધીશોની બેન્ચનો ભાગ હશે જે વક્ફ કાયદા વિરુદ્ધની અરજીઓની સુનાવણી કરશે. કેન્દ્રએ સર્વોચ્ચ અદાલતમાં કેવિયેટ દાખલ કરીને આ મામલે કોઈપણ આદેશ આપતા પહેલા સુનાવણી કરવાની માંગ કરી હતી. તે સુનિશ્ચિત કરવા માટે પક્ષકાર દ્વારા ઉચ્ચ અદાલતો અને સર્વોચ્ચ અદાલતમાં ચેતવણી દાખલ કરવામાં આવે છે. આનો અર્થ એ થયો કે તેમને સાંભળ્યા વિના કોઈ પણ આદેશ પસાર ન કરવો જોઈએ. નવા કાયદાની માન્યતાને પડકારતી ૧૦ થી વધુ અરજીઓ, જેમાં રાજકારણીઓ અને ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડ અને જમિયત ઉલેમા-એ-હિંદ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીઓ સામેલ છે, સર્વોચ્ચ અદાલતમાં દાખલ કરવામાં આવી હતી. કેન્દ્ર સરકારે મંગળવારે વક્ફ (સુધારા)




અધિનિયમ, ૨૦૨૫ ને સૂચિત કર્યું હતું. તે ગયા અઠવાડિયે સંસદ દ્વારા પસાર કરવામાં આવ્યું હતું. ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડ, જમિયત ઉલેમા-એ-હિંદ, દ્રવિડ મુનેત્ર કઝગમ, કોંગ્રેસના સાંસદો ઈમરાન પ્રતાપગઢી અને મોહમ્મદ જાવેદ, એઆઈએમઆઈએમ નેતા અસદુદ્દીન ઓવૈસી, રાજદ સાંસદો મનોજ ઝા અને ફયાઝ અહેમદ, આપ ધારાસભ્ય અમાનતુલ્લાહ ખાન અને કેટલાક અન્ય રાજકારણીઓ અને એનજીઓએ સુપ્રીમ કોર્ટમાં કાયદાની માન્યતાને પડકારતી અરજીઓ દાખલ કરી છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ૫ એપ્રિલના રોજ વક્ફ સુધારા કાયદાને મંજૂરી આપી હતી. બજેટ સત્ર દરમિયાન સંસદ દ્વારા તેને પસાર કરવામાં આવ્યો હતો. કાયદા મંત્રાલયના નોટિફિકેશનમાં કહેવામાં આવ્યું છે કે રાષ્ટ્રપતિએ બંને બિલોને પોતાની સંમતિ આપી દીધી છે. ૪ એપ્રિલના રોજ, રાજ્યસભાએ બિલને ૧૨૮ મતો સામે ૯૫ મતો સાથે પસાર કર્યું, જ્યારે લોકસભાએ ૩ એપ્રિલના રોજ લાંબી ચર્ચા પછી બિલને મંજૂરી આપી. અહીં ૨૮૮ સાંસદોએ તેના પક્ષમાં મતદાન કર્યું અને ૨૩૨ સાંસદોએ તેની વિરુદ્ધ મતદાન કર્યું હતું.







# બિહારના ૪ જિલ્લામાં વીજળી પડવાથી ૧૩ લોકોના મોત, મુખ્યમંત્રીએ વળતરની જાહેરાત કરી



પટણા,તા.૧૦

બિહારના વિવિધ જિલ્લાઓમાં વીજળી પડવાથી અરાજકતાનો માહોલ છે. રાજ્યના ૪ જિલ્લામાં વીજળી પડવાથી ૧૩ લોકોના મોત થયા છે. વીજળી પડવાની ઘટનાઓને કારણે લોકોના હૃદયમાં ભય છે. બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારે પણ વીજળી પડવાથી જીવ ગુમાવનારાઓના પરિવારજનો માટે વળતરની જાહેરાત કરી છે. અત્યાર સુધીમાં બિહારના ૪ જિલ્લાઓમાં વીજળી પડવાથી કુલ ૧૩ લોકોના મોત થયાના અહેવાલ છે. વીજળી પડવાની ઘટનાઓને કારણે, બેગુસરાય જિલ્લામાં ૦૫, દરભંગા જિલ્લામાં ૦૪, મધુબની જિલ્લામાં ૦૩ અને સમસ્તીપુર જિલ્લામાં ૦૧ વ્યક્તિના મોત થયા છે. મુખ્યમંત્રી નીતિશ કુમારે વીજળી પડવાથી ૧૩ લોકોના મોત પર ઊંડો શોક વ્યક્ત કર્યો છે. મુખ્યમંત્રીએ તમામ મૃતકોના પરિવારજનોને તાત્કાલિક ચાર લાખ રૂપિયાની સહાય આપવાનો નિર્દેશ આપ્યો છે. મુખ્યમંત્રી નીતિશ કુમારે કહ્યું છે કે તેઓ આ આફતની ઘડીમાં અસરગ્રસ્ત પરિવારોની સાથે છે. મુખ્યમંત્રીએ લોકોને ખરાબ હવામાન દરમિયાન સંપૂર્ણપણે સતર્ક રહેવા અપીલ કરી છે. ખરાબ હવામાનના કિસ્સામાં, વીજળીથી પોતાને બચાવવા માટે આપત્તિ વ્યવસ્થાપન વિભાગ દ્વારા સમયાંતરે આપવામાં આવતા સૂચનોનું પાલન કરો. ખરાબ હવામાન દરમિયાન ઘરની અંદર રહો અને સુરક્ષિત રહો. બિહારમાં વીજળી પડવાથી થતા મૃત્યુની સંખ્યા વધવા પાછળ અનેક કારણો જવાબદાર છે, જેમાં આબોહવા પરિવર્તન, ચોમાસા દરમિયાન ભેજ અને વરસાદની પેટર્નમાં ફેરફાર અને ગ્રામીણ વિસ્તારોમાં ખેતી કરતી વખતે ખુલ્લામાં રહેતા લોકોનો સમાવેશ થાય છે. સમય: મોટાભાગે વીજળી બપોરના સમયે પડે છે, જ્યારે લોકો ખેતરમાં કામ કરતા હોય છે. ઘણી વખત લોકોને વીજળી પડતા પહેલા ચેતવણી મળતી નથી, જેના કારણે તેઓ સુરક્ષિત સ્થળોએ જઈ શકતા નથી.









**મહિલાને ગોલ્ડ લોન આપવાની લાલચ આપી સોનાનાં દાગીના લઈ લીધા બાદ**

# અમરેલીનાં પેટ્રોલ પંપ સંચાલકે બિલખાની મહિલા પર દુષ્કર્મ આચર્યું

**બિલખા પોલીસે પિતા-પુત્રની ધરપકડ કરી બે દિવસનાં રિમાન્ડ મેળવ્યા**

અમરેલી, તા.૧૦

અમરેલીનાં કુંકાવાવ રોડ પર આવેલા પેટ્રોલ પંપનાં સંચાલકે બિલખાની મહિલાને વિશ્વાસમાં લઈ ગોલ્ડ લોન આપવાની લાલચ આપી સોનાનાં દાગીના લઈ લીધા બાદ મહિલાને પેટ્રોલ પંપ પર બોલાવી દુષ્કર્મ આચર્યુ હતું. આ ઘટનામાં પુત્રએ પણ પિતાને મદદગારી કરી હોવાથી મહિલાએ બિલખા પોલીસમાં પિતા-પુત્ર સામે ફરિયાદ નોંધાવી હતી. બિલખામાં રહેતી ૩૦ વર્ષીય મહિલાએ પોલીસ ફરિયાદ નોંધાવી છે કે, અમરેલીનાં ચક્કરગઢ રોડ પર રહેતો અને પેટ્રોલ પંપનો માલિક રમેશ વશરામ ગોહિલ અને તેમના પુત્ર વંશે ગોલ્ડ લોન આપવાની લાલચ આપી મહિલા પાસેથી સોનાના દાગીના મેળવી લઈ વિશ્વાસઘાત કર્યો હતો. મહિલાને કુંકાવાવ રોડ પર આવેલા પેટ્રોલ પંપ પર બોલાવી દુષ્કર્મ આચર્યુ હતું. જેથી મહિલાએ પિતા-પુત્ર સામે બિલખા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે રમેશ ગોહિલ અને વંશની ધરપકડ કરી કોર્ટમાં રજૂ કરતા કોર્ટે બંને આરોપીઓના બે દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા.

# રાજુલાનાં કોવાયા ગામે સિંહનું ટોળું દિવાલ કૂદી રહેણાંક વિસ્તારમાં પ્રવેશ્યુ

અમરેલી, તા.૧૦



અમરેલી જિલ્લામાં વન્યપ્રાણીઓની રંજાડ દિનપ્રતિદિન વધી રહી છે. વન્યપ્રાણીઓ શિકારની શોધમાં જંગલ વિસ્તાર છોડી રેવન્યુ વિસ્તારમાં ધસી આવે છે. રાજુલા-જાફરાબાદ પંથકમાં સિંહોની સંખ્યા વધારે હોવાથી સિંહો ઘણીવાર હાઈવે પર આંટાફેરા કરતા નજરે પડે છે. રાજુલા નજીક ફેક્ટરી આવેલ હોવા છતાં સિંહો બિંદાસ્ત રીતે ફેક્ટરીની આસપાસ આંટાફેરા કરતા હોવાના પણ ભૂતકાળમાં સીસીટીવી વાયરલ થયા હતા. જેમાં રાજુલાના કોવાયા ગામે એકસાથે ૧૦ સિંહોનું ટોળું દિવાલ ઠેકી રહેણાંક વિસ્તારમાં પ્રવેશ્યું હોવાની વનવિભાગને જાણ થતાં વનવિભાગ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યું હતું અને સિંહો પશુઓને શિકાર બનાવે તે પહેલા જ તેમને જંગલ વિસ્તારમાં ખસેડ્યા હતા.

# શ્રી ધજડી પ્રા. શાળામાં વિદ્યાર્થીઓને દાતાઓ દ્વારા નિઃશુલ્ક યુનિફોર્મ વિતરણ

સાવરકુંડલા, તા.૧૦



શ્રી ધજડી ગામની પ્રાથમિક શાળા ખાતે ધજડીના વતની અને હાલ મુંબઈ નિવાસી દાતા દિલીપભાઈ ગોવિંદભાઈ ચિત્રોડા તથા ગોવિંદભાઈ શામજીભાઈ ચિત્રોડા, નિલેશભાઈ હિંમતભાઈ ચિત્રોડા, હિંમતભાઈ બાલુભાઈ ચિત્રોડા દ્વારા બાલવાટિકા તથા ધોરણ ૧ થી ૮ના તમામ વિદ્યાર્થીમિત્રોને નવા યુનિફોર્મ ભેટરૂપે આપવામાં આવ્યા હતા. આ યુનિફોર્મ સંપૂર્ણ રીતે નિઃશુલ્ક આપવામાં આવ્યા હતા.

# રાજસ્થળી ગીર ખાતે મહામંડલેશ્વર જયઅંબાનંદગીરી માતાજીનું ચૈત્રી નવરાત્રીનું અનુષ્ઠાન પૂર્ણ

**હિંગળાજ સંન્યાસ આશ્રમ ખાતે ધાર્મિક કાર્યક્રમોની ઉજવણી કરી**

અમરેલી, તા.૧૦



તુલસીશ્યામ નજીક ધારી તાલુકાના રાજસ્થળી ગીર ખાતે આવેલ સુપ્રસિધ્ધ હિંગળાજ સંન્યાસ આશ્રમ ખાતે શ્રીપંચ દશનામ જુના અખાડાનાં મહામંડલેશ્વર પરમ પૂજ્ય જયઅંબાનંદગીરી માતાજીએ દર વર્ષની જેમ આ વર્ષે પણ ચૈત્રી નવરાત્રી દરમિયાન અનુષ્ઠાન, સ્થાપન અને માતાજી તથા શ્રીયંત્રનું પૂજન, અર્ચન, મહાઆરતી, મહાપ્રસાદ, હોમાત્મક યજ્ઞ, આશ્રમ ખાતે ધ્વજારોહણ વગેરે ધાર્મિક કાર્યક્રમોની ઉજવણી કરી હતી. આ તકે માતાજીના શિષ્ય સમુદાય, ધર્મપ્રેમી ભાઈઓ-બહેનો, સંતોએ દર્શન કરી ધન્યતા અનુભવી હતી. આશ્રમ ખાતે કૃષ્ણગીરી ગોસ્વામી, કાનાભાઈ લીંબડી, જનકગીરી ધારી, ભરતબાપુ કુબાવતે સેવા આપી હતી. તેમ આશ્રમ સેવક અમીતગીરી ગોસ્વામીની યાદીમાં જણાવેલ છે.

# અમરેલીમાં ડો. આંબેડકર જન્મ જયંતી નિમિત્તે વિવિધ સ્પર્ધાઓ યોજાશે

અમરેલી, તા.૧૦

અમરેલી ખાતે ડો.બાબાસાહેબ આંબેડકર જન્મ જયંતી-૨૦૨૫ નિમિત્તે જિલ્લા પ્રાથમિક શિક્ષક મંડળ અનુ.જાતિ/જનજાતિ અને જિલ્લા અનુજાતિ પ્રાથમિક શિક્ષક શરાફી સહકારી મંડળી દ્વારા અમરેલી શહેર સમસ્ત અનુસૂચિત સમાજના સહયોગથી ડો. બાબાસાહેબ આંબેડકરના વિચારો બાળકો જાણે તેવા આશયથી બાળકો માટે વિવિધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં ભાગ લેવા માટે નીચે આપેલ શિક્ષકોનો સંપર્ક કરી બાળકોનું રજીસ્ટ્રેશન કરાવી શકાશે. વધુ માહિતી માટે નીચેના નંબર પર સંપર્ક કરવો :- શરદભાઈ શ્રીમાળી ૯૪૨૮૭ ૧૨૪૬૬, નીતીનભાઈ ચાવડા ૯૯૦૪૮ ૪૦૩૦૨, ગૌરાંગભાઈ મકવાણા ૯૯૭૯૫ ૮૮૨૦૦, મહેન્દ્રભાઈ મકવાણા ૯૪૦૮૪ ૫૫૫૨૦.

# સા.કુંડલાના ઘોબા પીપરડી રોડ ઉપર બ્રિજનું ધારાસભ્ય મહેશ કસવાલાએ કર્યું ખાતમુહૂર્ત

સાવરકુંડલા, તા.૧૦



સાવરકુંડલાના ઘોબા પીપરડી રોડ ઉપર ૧ કરોડ ૨૦ લાખના ખર્ચે નિર્માણ પામનાર બ્રિજનું ધારાસભ્ય મહેશભાઈ કસવાળાએ ખાતમુહૂર્ત કર્યું હતું. આ બ્રિજ સ્થાનિકોના પરિવહનને ગતિશીલ, જીવનને સરળ અને વેપાર વાણિજ્યને સમૃદ્ધ બનાવવામાં સેતુરૂપ બનશે. આ પ્રસંગે ઉપસ્થિત તાલુકા પંચાયતના પ્રમુખ જીતુભાઈ કાછડિયા, માર્કેટિંગ યાર્ડના ચેરમેન દીપકભાઈ માલાણી, જિલ્લા પંચાયત સભ્ય પુનાભાઈ ગજેરા, તાલુકા પંચાયતના સભ્ય પ્રમોદભાઈ રંગાણી, યુવા ભાજપના અગ્રણી ભાવેશભાઈ ખૂંટ, દિલુભાઈ ખુમાણ, સાવરકુંડલા તાલુકા બક્ષીપંચના પ્રમુખ કિશનભાઈ ખુમાણ, ઘોબાના સરપંચ પ્રતાપભાઈ, પીપરડીના સરપંચ સહિત ગામના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલીમાં આજે ભાજપના સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવશે

અમરેલી,તા.૧૦

અમરેલી જિલ્લામાં ભાજપના સ્થાપના દિનની ભવ્ય ઉજવણી કરવામાં આવનાર છે. ભાજપના સ્થાપના દિનની ઉજવણી કરવા માટે કાર્યકરોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહયો છે. કાર્યકરોએ પોતાના રહેણાંક મકાનો અને દુકાનો પર ભારતીય જનતા પાર્ટીના ધ્વજ પણ લહેરાવ્યા છે. અમરેલી વિધાનસભા વિસ્તારમાં ભાજપના સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવશે. આજે તા.૧૧ના રોજ સાંજે ૪:૩૦ કલાકે દાદા ભગવાન મંદિર લીલીયા રોડ ખાતે રાજયસભાના સાંસદ રામભાઈ મોકરીયાની વિશેષ ઉપસ્થિતિમાં ભાજપના સ્થાપના દિનની ઉજવણી કરવામાં આવશે.

# ભુરખીયા હનુમાનજી મંદિર સામે નવનિર્મિત બગીચાનું આજે લોકાર્પણ

અમરેલી, તા.૧૦

અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના ભુરખીયા ગામે આવેલા જગવિખ્યાત સ્વયંભુ પ્રાગટ્ય શ્રી ભુરખીયા હનુમાનજી મંદિરના નવનિર્માણ કાર્યનો પ્રારંભ આગામી દિવસોમાં કરાશે. તા ૧૧/૪/૨૦૨૫ ના દિવસે મંદિર સામે અતિ આધુનિક નવનિર્મિત જાનકી ગાર્ડનનું લોકાર્પણ અને નવનિર્મિત મંદિરના સંભવિત મોડેલનું અનાવરણ કરાશે. આ મંદિરનો સરકાર દ્વારા પ્રવાસન ક્ષેત્રે સમાવેશ કરવામાં આવેલ છે. જે ગ્રાંટમાંથી તાજેતરમાં મંદિરની સામે સુંદર બગીચાનું નિર્માણ કરવામાં આવેલ છે. આ ગાર્ડનનું હનુમાન જન્મોત્સવના પવિત્ર દિવસે લોકાર્પણ કરાશે. આ ઉપરાંત સોમપુરાના માર્ગદર્શન હેઠળ ઉચ્ચ ક્વોલિટીના મારબલ સાથે સમગ્ર મંદિરનું નિર્માણ કરાશે. યાત્રિકોની સુવિધાર્થે આધુનિક વિશ્રામ ગૃહ, અતિથિ ભવન, ભોજનાલય, સત્સંગ હોલ, યજ્ઞશાળા તેમજ મંદિર પરિસર ફરતે કંપાઉન્ડ વોલ, અતિ આધુનિક લાઈટિંગ સહિત વિવિધ સુવિધા ઊભી કરાશે.

# સાવરકુંડલા તાત્કાલિક હનુમાનજી આશ્રમમાં હનુમાનજી મહારાજ પ્રાગટ્ય મહોત્સવ ઉજવાશે

સાવરકુંડલા, તા.૧૦

સાવરકુંડલા સ્થિત શ્રી તાત્કાલિક હનુમાનજી આશ્રમ, કે.કે. હાઈસ્કૂલ ખાતે આગામી તા. ૧૨મી એપ્રિલ, ૨૦૨૫ (શનિવાર) ના રોજ શ્રી રામ ભક્ત મહાબલી હનુમાનજી મહારાજનો પ્રાગટ્ય મહોત્સવ ભક્તિભાવ અને ઉલ્લાસભેર ઉજવવામાં આવશે. વિનામૂલ્યે એક્યુપ્રેશર નિદાન અને કુદરતી ઉપચાર કેમ્પ બપોરે ૪:૦૦ થી સાંજે ૬:૦૦ કલાક દરમિયાન યોજાશે. આ કેમ્પમાં કમર તથા સાંધાના દુ:ખાવા, સાઈટીકા, માઈગ્રેન, જૂની શરદી, પેરાલીસીસ અને અનિદ્રા જેવા રોગોનું તદન નિઃશુલ્ક નિદાન એક્યુપ્રેશર તથા મેગ્નેટ પદ્ધતિ દ્વારા કરવામાં આવશે. આ સેવા યજ્ઞમાં જાણીતા ચિકિત્સકો ગોપાલભાઈ ભરખડા અને હીનાબેન ભરખડા પોતાની અમૂલ્ય સેવાઓ પ્રદાન કરશે. તેમજ સાંજે ૬:૦૦ કલાકે પક્ષીઓ માટે માટીના કુંડાનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવશે. ત્યારબાદ ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના સંપૂર્ણ સહયોગથી રાત્રે ૬:૦૦ થી ૯:૦૦ કલાક દરમિયાન રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. સાંજે ૭:૦૦ કલાકે ભગવાન શ્રી હનુમાનજી મહારાજની ભવ્ય અને મંગલમય દિવ્ય આરતી યોજાશે. આરતી સંપન્ન થયા બાદ તમામ ઉપસ્થિત ભક્તો, સંતો, મહંતો ભાઈઓ અને બહેનો તેમજ નાના બાળકો એકસાથે મહાપ્રસાદનો લાભ લેશે.

# સાવરકુંડલામાં મહાવીર જન્મ કલ્યાણકની ધર્મોલ્લાસ સાથે ઉજવણી : રથયાત્રા નીકળી

સાવરકુંડલા, તા.૧૦



સાવરકુંડલામાં મહાવીર જન્મ કલ્યાણકની ભવ્ય ઉજવણી ખૂબ જ ઉત્સાહ અને ભક્તિભાવ સાથે કરવામાં આવી હતી. આ પ્રસંગે યુવાનોએ ભગવાન મહાવીરનો રથ જાતે ખેંચીને પોતાની શ્રદ્ધા અને સમર્પણ દર્શાવ્યું હતું. આ ઉજવણી પૂજ્યપાદ યુગપ્રધાન આચાર્યસમ પંન્યાસ પ્રવર ચંદ્રશેખર વિજય ગણીવર્ય મહારાજ સાહેબના શિષ્ય મુનિરાજ દિવ્ય પદ્મ વિજય મહારાજ તથા આજીવન આયંબિલમાં ભીષ્મ તપસ્વી હેમવલ્લભસૂરી મહારાજના શિષ્યો મુનિરાજ દેવર્ષિવલ્લભ વિજય મહારાજ, મુનિરાજ વલ્લભ વિજય મહારાજ અને મુનિરાજ હેમર્શિવલ્લભ વિજય મહારાજની પાવન નિશ્રામાં સંપન્ન થઈ હતી. સાવરકુંડલા જૈન સંઘ દ્વારા એક ભવ્ય રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સંઘના દરેક વ્યક્તિઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને હાજરી આપી હતી.









# બગસરાની સ્વામી વિવેકાનંદ સોસાયટીમાં ૧૯ કલાકનાં વીજકાપથી લોકો પરેશાન

બગસરા, તા. ૧૦

બગસરા પીજીવીસીએલ દ્વારા સ્વામી વિવેકાનંદ સોસાયટી શેરી નં.૬ માં ગઈ રાતથી લાઈટકાપ થતા રહેવાસીઓએ ફોન કરી પીજીવીસીએલને જાણ કરેલ. પીજીવીસીએલના કર્મચારીએ ફોલ્ટ છે તેમ કહી ૧૯ કલાક સુધી લાઈટ કાપી નાખતા ત્યાંના રહેવાસીઓ, તેના નાના નાના ભૂલકાઓને બફારામાં રહી હેરાન થવું પડ્યું હતું. ત્યાંના રહેવાસીઓ દ્વારા પીજીવીસીએલના ડેપ્યુટી એન્જિનિયર મહિડાને ફોનથી કહેવામાં આવેલ. તેણે થઈ જશે તેમ કહી ૧૯ કલાક લાઈટ કાપી લોકોને હેરાન કર્યા હતા. સરકાર દ્વારા લુ સામે ઠંડક બાબતે અનેક જાહેરાતો કરવામાં આવે છે ત્યારે હાલ ગરમીનો માહોલ હોય અને નાના નાના ભૂલકાઓને પણ રહેવું બહુ મુશ્કેલ પડે છે ત્યારે પીજીવીસીએલની આ હેરાનગતિને કારણે લોકોને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. હાલ એ વિસ્તારમાં ૧૯ કલાક પછી લાઈટ આવી તો ખરી પરંતુ ડીમ પાવર હોવાને કારણે ત્યાંના રહેવાસીઓને બફારામાં રહેવું પડ્યું છે. હજુ તેનો પ્રશ્ન સોલ્વ થયેલ ન હતો અને ડીમ વોલ્ટેજના કારણે પંખા, લાઈટ પણ બરોબર ચાલુ થયેલ ના હોવાને કારણે પીજીવીસીએલે કરેલી હેરાનગતિ સામે આક્રોશ વ્યાપ્યો છે. પીજીવીસીએલના પાપે છેલ્લા બે વર્ષથી લોકો લાઈટના અનેક પ્રશ્નોથી ત્રાહિમામ પોકારી ગયા છે. બગસરામાં અનેક સંસ્થાઓ હોવાના કારણે આવા જટિલ પ્રશ્નો સરકાર પાસે મૂકવા જોઈએ. આવા અધિકારીઓ લોકોને ખોટી રીતે હેરાન કરતા હોય અને આવા ઉનાળામાં પંખા વગર લોકોને રહેવું મુશ્કેલ હોય ત્યારે આવા જટિલ પ્રશ્નોનો ક્યારે નિકાલ આવશે તેમ બગસરાના એક જાગૃત નાગરિક દ્વારા પ્રેસ યાદીમાં જણાવેલ છે.

# રાજુલા ભેરાઈ ચોકડી પાસે રેલવે ફાટક નજીક બારદાન ભરેલ ટ્રકમાં આગ લાગી

રાજુલા, તા.૧૦


તસવીર : ગોપાલ રાઠોડ

ભાવનગર-સોમનાથ હાઈવે પર આવેલ ભેરાઈ ચોકડી નજીક રેલવે ફાટક નીચે મહુવાથી આવી રહેલ બારદાન ભરેલ ટ્રક જે રેલવે ફાટક નજીક નેશનલ હાઈવેના બ્રિજનું કામ ચાલુ હોય તેની નીચેથી પસાર થઈ રહ્યો હતો. ત્યારે ઉપર ઈલેક્ટ્રીક વેલ્ડીંગ થઈ રહ્યું હતું, તેમાંથી તીખારો પડતા આ ટ્રકમાં ભરેલા બારદાનો ભડભડ સળગી ઊઠ્યા હતા અને આ ટ્રકને ફાટક નજીક જ ઉભો રાખી દેવામાં આવેલ હતો. આગને બુજાવવા માટે રાજુલા ફાયરનો સંપર્ક કરાતા રાજુલા ફાયર ફાઈટર બંધ હોવાથી જાફરાબાદ નગરપાલિકાને જાણ કરવામાં આવેલ હતી. પરંતુ જાફરાબાદ નગરપાલિકાનું ફાયર ફાઈટર આવે તે પહેલા હાઈવેના પાણીના ટેન્કર દ્વારા આ આગને બુજાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. આસપાસના લોકો એકત્રિત થઈ અને ટ્રકમાં બળી રહેલા બારદાન રોડ ઉપર ફેંકીને ટ્રક સળગે તે પહેલા બચાવાયો હતો. આ ટ્રકમાં ભરેલ બારદાન નંગ ૧૦,૦૦૦ અંદાજિત કિંમત રૂપિયા ૩,૦૦,૦૦૦ તમામ બારદાનો બળીને ખાખ થઈ ગયા હતા. આ ઘટનાની જાણ પીપાવાવ મરીન પોલીસને થતા તેઓ ઘટના સ્થળે દોડી આવી હતી.

# પ્રધાનમંત્રી ઈન્ટર્નશીપ યોજનાનો લાભ મેળવવા ઉમેદવારોએ તા.૧૫ એપ્રિલ સુધીમાં અરજી કરવી

અમરેલી તા.૧૦

દેશની ટોચની ૫૦૦ કંપનીઓમાં કેન્દ્ર સરકારની પ્રધાનમંત્રી ઈન્ટર્નશીપ યોજના અમલી છે. આ યોજના અંતર્ગત ધો.૧૦, ધો.૧૨, આઈ.ટીઆઈ., ડિપ્લોમા તથા ગ્રેજ્યુએટની શૈક્ષણિક લાયકાત ધરાવતા અને ૨૧-૨૪ વર્ષની વય ધરાવતા, ફૂલટાઈમ નોકરી કે અભ્યાસ કરતા ના હોય તેવા રોજગાર ઈચ્છુક ઉમેદવારોને ૧૨ માસ માટે દેશની ટોચની ૫૦૦ કંપનીમાં વિનામૂલ્યે ઈન્ટર્નશીપનો લાભ મળી શકે છે. આ યોજનાનો લાભ મેળવવા માંગતા હોય તેવા રોજગારવાંચ્છુ ઉમેદવારોએ તા.૧૫ એપ્રિલ, ૨૦૨૫ સુધીમાં **www.pminternship.mca.gov.in** પર ઓનલાઈન અરજી કરી રજિસ્ટ્રેશન કરવું. રજિસ્ટ્રેશન માટે ઉમેદવારોએ પોર્ટલ પર પોતાની પ્રોફાઈલ બનાવી તેમાં અરજી કરવી.

# દામનગરના ગાયત્રી મંદિર ખાતે વિનામૂલ્યે છાશ વિતરણ કેન્દ્રનો પ્રારંભ, લોકોએ લાભ લીધો

દામનગર, તા.૧૦



દામનગર શક્તિપીઠ ગાયત્રી મંદિર ખાતે શ્રી ભુરખીયા હનુમાનજી મંદિર પ્રેરિત જીવદયા નંદી સેવા ટ્રસ્ટ અને અન્ય સામાજિક સંસ્થાઓના સહયોગથી વિનામૂલ્યે છાશ વિતરણ કેન્દ્રનો શુભારંભ માનવતાવાદી તબીબ સ્વ. ડો. આર. એન. વાઢેર પરિવારના માતૃશ્રી જ્યોત્સનાબેન વાઢેરના વરદ હસ્તે થયો હતો. આ પ્રસંગે ઉપસ્થિત સહકારી અગ્રણી હરજીભાઈ નારોલા, ભગવાનભાઈ નારોલા, રફીકભાઈ હુંનાણી, વજુભાઈ રૂપાધડા, દેવચંદભાઈ આલગિયા, ગોબરભાઈ નારોલા, ભોળાભાઈ બોખા, ભરતભાઈ ભટ્ટ, રમેશભાઈ જોશી, અમરશીભાઈ નારોલા, અશોકભાઈ બાલધા, સુરેશભાઈ અજમેરા, વીરેન્દ્ર પારેખ, અશ્વિન ખખ્ખર, ભીખુભાઈ, પ્રીતેશભાઈ નારોલા, સતિષગિરી ગોસ્વામી, જયંતીભાઈ નારોલા વગેરેની ઉપસ્થિતિમાં ઉનાળાની ગરમીમાં અમૃત ગણાતી છાસ વિતરણ કેન્દ્રનો પ્રારંભ કરાયો હતો. જૂન માસ સુધી અવિરત વહેલી સવારના ૬-૦૦ થી ૭-૦૦ કલાક દરમ્યાન નિયમિત વિનામૂલ્યે છાસ વિતરણ ગાયત્રી મંદિર પરિસર દ્વારા કરાશે. દૈનિક ૨૦૦૦ વ્યક્તિઓને ૫૦૦ થી વધુ પરિવારોને વિનામૂલ્યે છાશનો લાભ મળી રહ્યો છે.

# તા. ૨૩ એપ્રિલે લાઠી તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે

**તા.૧૫ એપ્રિલ સુધીમાં પ્રશ્નો રજૂ કરવા**

અમરેલી, તા.૧૦

લાઠી તાલુકાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ તા.૨૩ એપ્રિલના રોજ સવારે ૧૧ કલાકે લાઠી તાલુકા મામલતદાર કચેરી ખાતે યોજાશે. તાલુકા કક્ષાના અધિકારવાળા સરકારી બાકી કામો માટે અરજદાર અંગત પ્રશ્નો રજૂ કરવા માંગતા હોય, તે નાગરિકોએ સામૂહિક કે નીતિ વિષયક પ્રશ્નો સિવાયના પ્રશ્નો તા.૧૫ એપ્રિલ, ૨૦૨૫ના રોજ બપોરે ૦૩ કલાક સુધીમાં લાઠી તાલુકા મામલતદાર કચેરી ખાતે રૂબરૂ અથવા પોસ્ટ મારફતે મોકલવા. અરજીના મથાળે તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ અવશ્ય લખવું, તેમ લાઠી તાલુકા મામલતદારએ એક યાદીમાં જણાવ્યું છે.

# આઈ.સી.ડી.એસ. સાવરકુંડલા-૧ માં પોષણ પખવાડીયાની ઉજવણી કરાઈ

સાવરકુંડલા, તા.૧૦



આઈ.સી.ડી.એસ. સાવરકુંડલા ૧માં પોષણ પખવાડીયાની ઉજવણી કરવામાં આવેલ હતી. જેમાં રસીકરણ પ્રવૃત્તિ, આહાર અંતર્ગત કિશોરી દ્વારા સાયકલ રેલી, પ્રભાત ફેરી જેવા કાર્યક્રમની ઉજવણી કરવામાં આવેલ હતી. જેમાં પોષણના મહત્વને સમજાવવામાં આવ્યું. ત્યારબાદ રસીકરણની પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી, જેમાં સગર્ભા માતાઓ અને બાળકોને રસી અપાઈ હતી. આ કાર્યક્રમમાં સાયકલ રેલી મુખ્ય આકર્ષણ રહી હતી. આ ઉજવણીમાં સગર્ભા માતાઓ, ધાત્રી માતાઓ, કિશોરીઓ અને તેમના વાલીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સાવરકુડલા-૧ ના સુપરવાઈઝર જયોત્સનાબેન મહેતા અને આંગણવાડી કાર્યકર મિતલબેન દવે, ગીતાબેન બોરીસાગર, ભાવનાબેન પંડ્યા, હેલ્પર સપનાબેન ભટ્ટી તેમજ એ.એન.એમ. વૈશાલીબેન પરમાર અને આશાવર્કર વસંતબેન પરમાર પણ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા અને સૌને પ્રોત્સાહિત કર્યા હતા.

# સા.કુંડલાના વંડા ગામે જી.એમ.બિલખીયા અને એસ.એમ.સોહાગીયા શાળાનો વાર્ષિકોત્સવ યોજાયો

સાવરકુંડલા, તા.૧૦



સાવરકુંડલા તાલુકાના વંડા ગામે આવેલી શ્રી સર્વમંગલ જી.એમ. બિલખીયા શાળા અને એસ.એમ. સોહાગીયા શાળામાં તારીખ ૩૧ માર્ચ ૨૦૨૫ ના રોજ વાર્ષિક ઉત્સવ ૨૦૨૫ નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના સંચાલક વિલાસબેન પટેલ અને આચાર્ય વ્યાસના કુશળ નેતૃત્વ હેઠળ અને સમગ્ર સ્ટાફના સહયોગથી આ કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો. કાર્યક્રમની શરૂઆત વિદ્યાની દેવી મા સરસ્વતીની આરાધનાથી કરવામાં આવી હતી, જેણે સમગ્ર વાતાવરણને પવિત્ર બનાવ્યું હતું. ત્યારબાદ વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા, જેણે ઉપસ્થિત સૌ કોઈને મંત્રમુગ્ધ કરી દીધા હતા. આ પ્રસંગે રાજકીય, સામાજિક અને શિક્ષણ ક્ષેત્ર સાથે સંકળાયેલા મહાનુભાવો, શાળાના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને મોટી સંખ્યામાં વાલીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.






## અવસાન નોંધ

**રાજકોટ**

અ.સૌ. વસુમતીબેન જીવરાજાની (ઉ.વ. ૭૮) તે દિલીપભાઈ પ્રેમજીભાઈ જીવરાજાનીના ધર્મપત્ની, સ્વ. વ્રજલાલભાઈ ભવાનભાઈ મજેઠિયાના દીકરી, તે અજયભાઈ જીવરાજાની તથા નીતાબેન હિતેશભાઈ વસાણી, મીતાબેન ધર્મેશભાઈ સોમૈયા તથા નેહલબેન અંકિતભાઈ ઠકરારના માતૃશ્રી, તે ડો. પાયલ જ્વલિત ઠક્કર તથા દર્શકના દાદી તા. ૦૯-૦૪-૨૦૨૫ના રોજ સ્વર્ગવાસ થયા છે.

**સાવરકુંડલા**

કસુંબાબેન કાંતિભાઈ પરસાણા (ઉ.વ.૮૬)નું તા.૯/૪/૨૫ને બુધવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા.૧૧/૪/૨૫ ને શુક્રવારના રોજ સવારે ૮ થી ૧૨ થોરડી તા. સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા**

પ્રભુદાસભાઈ ધીરજલાલ વિઠલાણી(ઉ.વ.૫૬) તે ધવલભાઈ પ્રભુદાસભાઈ વિઠલાણી, હિતેનભાઈ પ્રભુદાસભાઈ વિઠલાણીના પિતાશ્રીનું તા. ૫/૪/૨૫ને શનિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદગતની સાદડી તા.૧૧/૪/૨૫ને શુક્રવારના રોજ સાંજે ૪:૩૦ થી ૬ કલાકે અમારા નિવાસ સ્થાન બ્રાહ્મણ સોસાયટી, ભેરાઈ રોડ, જૂના સ્વામિનારાયણ મંદિર પાસે, રાજુલા ખાતે રાખેલ છે.

**વાંકાનેર**

વાંકાનેર નિવાસી નિરંજનાબેન (ઉ.૩૯) તે સ્વ. રમેશચંદ્ર ફૂલચંદભાઈ શાહના પત્ની, જીરાબેન ઉમેશભાઈ દોશીના માતુશ્રી તથા અને મેગાવીના નાની, બાબુલાલ ખીમચંદ શેઠની દીકરી તા.૭ના રોજ અરીહંત શરણ પામેલ છે.

**-//એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ ગીરગઢડાની કોર્ટમાં //-**

નં.જન્મ-મરણ કેસ નં. 25/2025

પ્રતિ,
શ્રી મનુભાઈ પાંચાભાઈ દોંગા,
રહે. ઉમેદપરા, ગામ-ઉમેદપરા, તાલુકો-ગીરગઢડા
જિલ્લો-ગીર સોમનાથ ............અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, ઉમેદપરા, તા.ગીરગઢડા, જિ.ગીરસોમનાથ ............સામાવાળા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીરગઢડા તાલુકાના ઉમેદપરા ગામના સહીશ શ્રી મનુભાઈ પાંચાભાઈ દોંગા તથા શ્રીમતી વનીતાબેન મનુભાઈ દોંગાના પુત્ર શ્રી યશભાઈ મનુભાઈ દોંગા નો જન્મ તારીખ **27-Feb-19**ના રોજ ગીરગઢડા તાલુકાના ઉમેદપરા ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી, ઉમેદપરા, તાલુકો-ગીરગઢડા સને-**2019** ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૫/૦૪/૨૦૨૫ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૨/૦૪/૨૦૨૫ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સીક્કો

સહી
(જી.કે.વાળા)
એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટ,
ગીરગઢડા


**નિત્યા સ્કીન કિલનીક**
સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર

ઉપલબ્ધ સારવાર
- ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, હઠીલા રોગોની સારવાર
- વાળ તથા નખને લગતા રોગોની સારવાર
- એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
- અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
- Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
- Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
- Botox, Filler, Thread Lift
- Hair Transplantation

**ડો. જુહી ઠક્કર**
M.D. (Skin & VD)
ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીક્સ
ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત
કેસ નોંધાવવા માટે : Mo. 93135 71971

**રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ**

ઉપલબ્ધ સારવાર
- જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
- દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy)
- સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
- ગંભીર ફ્રેકચર તથા એક્સીડેન્ટ કેસની સારવાર
- કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
- રશિયન પદ્ધતિથી સારવાર (Ilizarov)
- અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
- બે કલાસ 100 મોડયુલર ઓપરેશન થીયેટર

**ડો. પ્રતિક પ્રજાપતિ**
M.S. Ortho DNB Ortho FIAS
કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોસ્કોપી સર્જન
કેસ નોંધાવવા માટે : Mo. 99250 76561

પરમ હાઈટ્સ, બીજે માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00

# બાબરા શહેરમાંથી પાંચ શખ્સો જાહેરમાં જુગાર રમતા ઝડપાયા

અમરેલી,તા.૧૦



અમરેલી જિલ્લામાં જુગારીઓને પોલીસનો કંઈ જ ડર ન હોય તેમ જાહેરમાં જુગાર રમતા પણ ડરતા નથી. પોલીસ જુગારીઓ સામે કડક કાર્યવાહી હાથ ધરે છે છતાં જુગારીઓ બેરોકટોક જુગાર રમી પોલીસને ખુલ્લો પડકાર ફેંકી રહ્યાં છે. બાબરામાં જુગાર રમાતો હોવાની એલસીબીને બાતમી મળતા પોલીસ બાતમીવાળી જગ્યાએ ત્રાટકી હતી. પોલીસે જાહેરમાં જુગાર રમી રહેલા રાવત બોઘા પીલુકીયા, પ્રકાશ બચુ આડેસરા, જશવંત જનક પરમાર, અસ્લમ રજાક શેખ અને સમીર ગમાભાઈ મહેતરને ગંજીપત્તાની સાથે રોકડ રકમ રૂા.૧૫,૬૯૦ સાથે ઝડપી પાડયા હતા. એલસીબીએ આ જુગારીઓ સામે સ્થાનિક પોલીસમાં ફરિયાદ નોંધી હતી. પોલીસે તમામ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# અમરેલી ખાતે માર્ગ સલામતી અંતર્ગત તાલીમનું આયોજન કરાયું

અમરેલી, તા.૧૦



અમરેલી ખાતે ઝોનલ કચેરી દ્વારા માર્ગ સલામતી અંતર્ગત ડ્રાઈવર, કંડકટર અને મિકેનીકલ કર્મચારીઓને તાલીમ આપવામાં આવી હતી. તાલીમમાં વાહન હંકારતી વખતે કઈ બાબતો ધ્યાનમાં રાખવી તે અંગે આરટીઓ દ્વારા કર્મચારીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. મોટીવેશનલ સ્પીકર દ્વારા કર્મચારીઓનો જુસ્સો વધારવામાં આવ્યો હતો. ૧૦૮ની ટીમે અકસ્માત સમયે શું કાળજી લેવી તે અંગે સમજ આપી હતી. વિભાગીય નિયામક અતુલ સોલંકી દ્વારા નિગમનો મુખ્ય ઉદેશ લોકોને સમયસર બસ સેવા મળે અને મુસાફરો સાથે કર્મચારીઓ સૌજન્યપૂર્ણ વ્યવહાર રાખે તેવી કર્મચારીઓને શીખ આપી હતી.

આ કાર્યક્રમમાં ડીટીઓ હિરીબેન, ડીએમઈ ગોહીલ, ડેપો મેનેજર કરમટા, આરટીઓ અધિકારી સહિતનો સ્ટાફ હાજર રહ્યો હતો.

# ચિતલ ગામે પરપ્રાંતીય ૧૪ વર્ષીય સગીરાને યુવક ભગાડી ગયો

**સગીરાના પિતાએ પરપ્રાંતીય યુવક સામે પોલીસ ફરિયાદ નોંધાવી**

અમરેલી,તા.૧૦

અમરેલી જિલ્લામાં સગીરાને ભગાડી જવાના બનાવોમાં નોંધપાત્ર વધારો થયો છે. જો કે સગીરાને ભગાડી જનારાઓને પોલીસ ગમે ત્યાંથી પકડી હવાલાતની હવા ખવડાવે છે. આમ છતાં આવા બનાવોમાં ઘટાડો નોંધાતો નથી. અમરેલીના ચિતલ ગામે રહેતા રાજેન્દ્ર ભગડા અલાવા મૂળ ગામ ટાડા મધ્યપ્રદેશવાળાની ૧૪ વર્ષીય દીકરીને મધ્યપ્રદેશમાં રહેતા બહાદુર દિનેશ નીનામા નામનો યુવક લગ્ન કરવાના ઈરાદે લલચાવી, ફોસલાવી ભગાડી ગયો હતો. સગીરાને ભગાડી જતા સગીરાના પિતા રાજેન્દ્રએ પરપ્રાંતીય શખ્સ સામે અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

# બાબરા તાલુકામાં સીઈટી પાસ બાળકોના વાલીઓ માટે માર્ગદર્શન મિટિંગ યોજાઈ

બાબરા, તા.૧૦



૦૯ એપ્રિલ, ૨૦૨૫ના રોજ સવારે ૧૦-૩૦ વાગ્યે તાલુકા પંચાયત હોલ ખાતે સીઈટી પરીક્ષામાં સફળ થયેલા બાબરા તાલુકાના ૨૧૧ બાળકોના વાલીઓની એક મહત્વપૂર્ણ મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મિટિંગનો મુખ્ય ઉદ્દેશ હવે પછી શરૂ થનાર રજીસ્ટ્રેશન પ્રક્રિયા અને સ્કીમ સિલેક્શન સંબંધિત તમામ માહિતી વાલીઓ સુધી પહોંચાડવાનો હતો. આ સમગ્ર કાર્યક્રમમાં જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી કે.વી. મીયાણીએ વિશેષ ઉપસ્થિત રહીને વાલીઓને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ ઉપરાંત, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી સોનિયાબેન કોટડીયાએ પણ સીઈટી પરીક્ષા અંગે પ્રેરક માર્ગદર્શન આપ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન બીઆરસી કો. ચાવડા નીતીનભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું, જેમણે વાલીઓને તમામ ઉપલબ્ધ સ્કીમ્સથી વિગતવાર માહિતગાર કર્યા હતા. બાળકોનું રજીસ્ટ્રેશન નિર્ધારિત સમય મર્યાદામાં પૂર્ણ થાય તે અંગે ખાસ ધ્યાન દોરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું એનાઉન્સિંગ વસાણી સંજયભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.

# વડીયાના સનાળી ગામેથી આધેડના મોટરસાયકલની તસ્કર દ્વારા ઉઠાંતરી

**આધેડે ચોરી અંગે વડીયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી**

અમરેલી,તા.૧૦

અમરેલી જિલ્લામાં મોબાઈલ ચોરી, વાહનચોરીના ગુના જાણે સામાન્ય બની ગયા હોય તેમ તસ્કરો પોતાની કળા અજમાવી રહ્યાં છે.

જેમાં વડીયા તાલુકાના સનાળી ગામના એક આધેડ ખેડૂતનું મોટરસાયકલ કોઈ અજાણ્યો ઈસમ ઉઠાવી જતા આધેડે અજાણ્યા ઈસમ સામે વડીયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. વડીયાના સનાળી ગામે રહેતા ભરત નારણ ગજેરાનું હોન્ડા કંપનીનું મોટરસાયકલ કોઈ અજાણ્યો ઈસમ ચોરી કરીને નાસી ગયો હતો. આ ચોરીની ફરિયાદ ભરતભાઈએ વડીયા પોલીસ સ્ટેશનમાં નોંધાવી છે.

**આગ લાગવાનું કારણ હજુ પણ અકબંધ**

# લાઠીના આંબરડી ગામે ખેતરમાં આગ લાગતા લાખો રૂપિયાનું નુકસાન

**આગને કારણે ડ્રીપ પાઈપના બંડલ બળી ગયા**

અમરેલી,તા.૧૦

અમરેલી જિલ્લામાં ખેતરમાં આગ લાગવાની ઘટનાઓ વારંવાર બની રહી છે. હજુ બે દિવસ પહેલા જ ખડાધાર પાસે વીજતંત્રની બેદરકારીને કારણે ખેડૂતના આંબા અને લીંબુના છોડ બળી ગયા હતા ત્યાં ફરી આવી ઘટના લાઠી તાલુકાના આંબરડી ગામે બનવા પામી હતી. જયાં આગ લાગતા ડ્રીપ પાઈપ બળી જતા ખેડૂતને લાખો રૂપિયાનું નુકસાન થયુ હતું. લાઠીના આંબરડી ગામે રહેતા ખેડૂત હિંમતભાઈ રામજીભાઈ બરવાળીયાએ લાઠી પોલીસમાં જાહેર કર્યું છે કે તેમની વાડીમાં અગમ્ય કારણોસર આગ ફાટી નીકળી હતી. જેમાં વાડ તથા વાડ પાસે પડેલા ત્રણ ડ્રીપ પાઈપના બંડલ બળીને ખાખ થઈ ગયા હતા. જેના કારણે રૂા.૧,૧૫,૨૦૦નું નુકસાન થયુ હતું. આગ કઈ રીતે લાગી તે કારણ જાણવા મળ્યુ નથી.

# અમરેલીના કેરાળા ગામે રોટાવેટરનું ભાડુ ઓછું કરવાનું કહેતા યુવકને માર માર્યો

અમરેલી, તા.૧૦

અમરેલી તાલુકાના કેરાળા ગામે રોટાવેટર ખેતરમાં ચલાવ્યા બાદ ભાડુ ઓછું લેવાનું કહેતા સારુ નહી લાગતા બે શખ્સોએ યુવકને ઢીબી નાખ્યો હતો. જેથી યુવકે બે શખ્સો સામે અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. અમરેલી તાલુકાના કેરાળા ગામે રહેતા ગીરધર બચુ ચોવટીયાએ ખેતરમાં ચલાવવા માટે રોટાવેટર ભાડે રાખ્યુ હતું. રોટાવેટર ખેતરમાં બરોબર ચલાવ્યું ન હોવાથી ગીરધરે પૈસા ઓછા લેવાનું કહેતા આરોપી લાલુ અરજણ અને સંજયને સારૂ લાગ્યું નહોતું અને ગીરધર સાથે પૈસાની બાબતમાં માથાકૂટ કરી હતી અને ઉશ્કેરાઈ જઈ લાલુ અને સંજયે પાવડાના હાથા વડે ગીરધરને માર માર્યો હતો. અને જો વધારે કંઈ બોલીશ તો જાનથી મારી નાખવાની ધમકી આપતા ગીરધરે બંને શખ્સો સામે અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

# બગસરા એસ.ટી. કર્મચારીઓ દ્વારા મુસાફરો માટે છાશનું વિતરણ

**ધોમધખતા તાપમાં ઠંડી છાશનું સેવન કરી મુસાફરોએ આનંદ વ્યકત કર્યો**

અમરેલી,તા.૧૦



અમરેલી જિલ્લામાં છેલ્લાં ઘણા સમયથી કાળઝાળ ગરમી પડી રહી છે. ગરમીને કારણે મુસાફરો ત્રાહીમામ પોકારી ઉઠયા છે. ત્યારે બગસરા એસ.ટી.ના કર્મચારીઓએ આવી ગરમીમાં મુસાફરોને રાહત મળે તે માટે વિનામૂલ્યે ઠંડી છાશનું વિતરણ કર્યુ હતું. ધોમધખતા તાપમાં છાશનું સેવન કરી મુસાફરોએ આનંદ વ્યકત કર્યો હતો. આ અંગે મુસાફરોએ જણાવ્યું હતું કે, ભારે ગરમીમાં છાશ વિતરણ કરી એસ.ટી.કર્મચારીઓએ સરાહનીય કાર્ય કર્યું છે. એસ.ટી.કર્મચારીઓએ આખો દિવસ મુસાફરોને છાશનું વિતરણ કર્યુ હતું.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ: ચૌદસ
તા. ૧૧-૦૪-૨૦૨૫, શુક્રવાર, સૂર્યોદય-૦૬:૦૦,
સૂર્યાસ્ત-૦૬:૪૪, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: ઉત્તર ફાલ્ગુની

## દૈનિક રાશિફળ

**તા.૧૧-૦૪-૨૦૨૫ શુક્રવાર**

મેષ: આજનો દિવસ ગુરુ પ્રત્યેની નિષ્ઠા અને ભક્તિથી ભરપુર રહેશે. આ સમયે આધ્યાત્મિક જ્ઞાન પ્રાપ્ત થશે. તમે અટકેલા પૈસા પ્રાપ્ત કરશો.

વૃષભ: આજે તમારો દિવસ ભાગ્યશાળી રહેશે. ઘરે અને બહારના વધુ સર્પોટિવ વાતાવરણને કારણે લગભગ તમામ કાર્યો સરળતાથી પૂર્ણ કરવામાં આવશે.

મિથુન: તમારો દિવસ સામાન્ય કરતા વધારે શુભ રહેશે. સામાજિક અને વ્યાવસાયિક ક્ષેત્ર પર તમને તમારી પ્રતિભા બતાવવાની તક મળશે.

કર્ક: તમારા સારા કાર્યોથી તમારા અને તમારા પરિવારનું ગૌરવ વધશે. તમને તમારી નિર્ણય લેવાની ક્ષમતાનો લાભ પણ મળશે.

સિંહ: આજનો દિવસ ઉતાર-ચઢાવનો રહેશે. તમારી વિચારસરણીમાં નિરાશા ના આવવા દો. વધુ વ્યસ્ત કાર્યને લીધે સામાજિક ક્ષેત્રથી અંતર રહેશે.

કન્યા: આજનો દિવસ તમારા માટે મિશ્રિત રહેશે. અતિશય ભાવુક રહેશો. આ કારણોસર ઘર અને બહારનું વાતાવરણ દૂષિત થઈ શકે છે.

તુલા: આજનો દિવસ તમારા માટે ફાયદાકારક રહેશે. પ્રતિસ્પર્ધકો હારશે અને કાર્ય ધંધો પહેલા કરતા વધુ સારી રીતે ચાલશે.

વૃશ્ચિક: તમને આજે થોડી કાળજી લેવાની સલાહ આપવામાં આવી છે, કોઈ ભૂલને લીધે તમારા મનમાં થોડી પીડા થઈ શકે છે.

ધન: ધંધામાં ઝડપથી નિર્ણય ના લેવાને કારણે કામમાં અડચણ અને નુકસાન થઈ શકે છે. નોકરી કરનારાઓના અધિકારમાં વધારો કરી શકાય છે.

મકર: આજે ધૈર્યથી કાર્ય કરો કારણકે ઉતાવળને લીધે નુકસાનની સંભાવના છે. ભૌતિક સુવિધાઓ વધશે અને તમે તમારા હાથમાં મોટી રકમ મેળવીને ખુશ થશો.

કુંભ: દિવસના પહેલા ભાગમાં તમે મૂંઝવણમાં આવી શકો છો. કોઈ પણ કાર્યમાં સ્પષ્ટતાના અભાવને કારણે કાર્ય અટકી શકે છે.

મીન: આજે તમે તમારા જીવન સાથેના તમામ કાર્યો કરી શકશો, પરંતુ તેમ છતાં સફળતા મેળવવામાં શંકા રહેશે.સ્વાસ્થ્યમાં વધઘટ થવાને કારણે શરીર આરામ માગશે.

# લાઠીમાં દાળ બનાવવા બાબતે યુવક પર છરી વડે જીવલેણ હુમલો કરનાર આરોપીની ધરપકડ

અમરેલી,તા.૧૦



લાઠી શહેરમાં સામાન્ય બોલાચાલીમાં એક યુવક પર સાથી મિત્રએ છરીનો જીવલેણ ઘા ઝીંકી દેતા યુવકને લોહીલુહાણ હાલતમાં સારવાર અર્થે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. લાઠીમાં રહેતા ચંદુભાઈ બાલાભાઈ શેલીયાએ પોલીસ ફરિયાદ નોંધાવી છે કે, ચંદુભાઈનો દીકરો પારસ અકાળા રોડ પર બની રહેલા પાણીના ટાંકાના સમ્પ ખાતે મિક્ષ દાળનો કાર્યક્રમ રાખેલ હોય જે દરમિયાન પારસ અને આરોપી મુન્ના દાના ડાંગર વચ્ચે સામાન્ય વાતમાં બોલાચાલી થતાં પારસને મુન્નાએ બેફામ ગાળો આપી હતી જેથી પારસે ગાળો આપવાની ના પાડતા મુન્નાનો પિત્તો છટકયો હતો અને મુન્નાએ પોતાની પાસે રહેલી છરી પારસના પડખામાં મારી દેતા પારસ ફસડાઈ પડ્યો હતો. મુન્નાએ છરીનો જીવલેણ ઘા મારતા પારસને તાત્કાલિક હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. ચંદુભાઈ શેલીયાની ફરિયાદ પરથી લાઠી પોલીસે મુન્ના સામે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે ગણતરીના કલાકોમા જ આરોપી મુના દાના ડાંગરને ઝડપી પાડ્યો હતો.

# બાબરાની સરકારી હોસ્પિટલમાં આજરોજ સર્વ રોગ નિદાન કેમ્પ યોજાશે

બાબરા, તા.૧૦

બાબરા ખાતે આવેલી સરકારી હોસ્પિટલમાં આજરોજ તા.૧૧/૦૪/૨૦૨૫ના રોજ સવારે ૦૯:૦૦થી ૦૧:૦૦ વાગ્યા સુધી આયુષ્માન ભારત યોજના અંતર્ગત સર્વ રોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પમાં ડૉ. રિદ્ધિ ગોહિલ (ઈ.એન.ટી. સર્જન), ડૉ. યોગેશ દવે (બાળરોગ નિષ્ણાંત), ડૉ. સરદુલ સોલંકી (માનસિક રોગ નિષ્ણાંત), ડૉ. મીરા રાદડિયા (સ્ત્રીરોગ નિષ્ણાંત), ડૉ. વૈશાલી કાપડિયા (દંત ચિકિત્સક), ડૉ. વિશાલ ધોળા (આંખના નિષ્ણાંત), ડૉ. અગ્નિ આચાર્ય (સર્જન), ડૉ. કનુ ભુવા (જનરલ મેડિસીન) સહિત નિષ્ણાંત ડોકટરો ઉપલબ્ધ રહેશે. આ કેમ્પનો લાભ લેવા માટે સૌને જાહેર આમંત્રણ છે.

# ખાંભાના ડેડાણ ગામે અખાદ્ય ગોળનો જથ્થો મળી આવતા પોલીસની કાર્યવાહી

**ગોળના ડબ્બા કબજે લઈ એફએસએલમાં મોકલતા ગોળ અખાદ્ય હોવાનો રિપોર્ટ આવ્યો**

અમરેલી,તા.૧૦

અમરેલી જિલ્લામાં તંત્ર દ્વારા અખાદ્ય જથ્થો ઝડપી પાડી આ જથ્થો ખાવા યોગ્ય છે કે નહી તેની તપાસ હાથ ધરવામાં આવે છે.

ઘણીવાર લોકોને વાસી જથ્થો ધાબડી દેવામાં આવતો હોવાની પણ ફરિયાદ ઉઠવા પામે છે ત્યારે આવો એક અખાદ્ય ગોળનો જથ્થો ઝડપી પાડી એફએસએલમાં મોકલી આપવામાં આવતા રિપોર્ટમાં આ ગોળ ખાવા યોગ્ય ન હોવાનું સામે આવતા પોલીસે વેપારી સામે કાર્યવાહી હાથ ધરી છે. આરોપી મહેશ પરશોતમ જાનીએ તેમના રહેણાંક મકાનમાં કોઈ કંપનીના માર્કા કે બીલ વગરના કુલ ૫૯ રસીવાળા ગોળના ડબ્બા રાખેલ હોય જેથી આ ગોળના ડબ્બા કબજે લઈ એફએસએલમાં મોકલી આપવામાં આવ્યા હતા. આ એફએસએલ રિપોર્ટ જૂનાગઢથી આવી જતા આ ગોળ સડેલો અને અખાદ્ય હોવાનું સામે આવ્યું હતું. જેથી પોલીસે રૂા.૪૧,૩૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. સડેલા ગોળનો જથ્થો રાખવા બદલ પોલીસે મહેશ સામે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# અમરેલીની યુવતીને સાસરીયામાં ત્રાસ અપાતા પોલીસ ફરિયાદ નોંધાઈ

અમરેલી,તા.૧૦

અમરેલી જિલ્લામાં હજુપણ પરિણીતાઓ પર સાસરીયાઓનો જુલમ યથાવત રહેવા પામ્યો છે. દીકરીને હોંશે-હોંશે પરણાવતા માતા-પિતાને કયાં ખબર હોય છે કે દીકરી સાસરે ગયા પછી સાસરીયાઓનો ત્રાસ શરૂ થશે. સામાન્ય વાતમાં સાસરીયાઓ પરિણીતાને ત્રાસ આપતા હોવાથી ઘણીવાર પરિણીતા મોતને પણ મીઠુ કરી લે છે. સાસરીયાઓનો ત્રાસ સમાજ માટે કલંકરૂપ ઘટના છે. આવો જ એક બનાવ અમરેલીની એક યુવતી સાથે થયો છે. લગ્ના ૬ વર્ષ બાદ જ સાસરીયાઓએ પરિણીતાને ત્રાસ દેવાનું શરૂ કરતા પરિણીતાએ સાસરીયા વિરૂધ્ધ અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. હાલ અમરેલીના જેસીંગપરામાં રહેતી બંસીબેન રાહુલભાઈ રાદડીયાએ પોલીસ ફરિયાદ નોંધાવી છે કે, તેમના લગ્ન ૬ વર્ષ પહેલા રાહુલ જયંતિભાઈ રાદડીયા સાથે થયા હતા. લગ્નના ૬ વર્ષમાં તેમના પતિ રાહુલ, સાસુ કંચનબેન અને સસરા જયંતિભાઈએ નાની-નાની બાબતોમાં અવારનવાર મેણાટોણા મારી શારિરીક અને માનસિક ત્રાસ આપેલ છે. પતિ રાહુલે ઢીકાપાટુનો માર મારતા પરિણીતાએ પોતાના પિયરમાં આવી પતિ, સાસુ અને સસરા સામે અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

તંત્રી લેખ

# તહવ્વુર રાણા મુંબઈ હુમલામાં પાકિસ્તાનની સંડોવણી સાબિત કરશે

મુંબઈ પર કરવામાં આવેલા ભયાનક ત્રાસવાદી હુમલામાં પાકિસ્તાનની સીધી સંડોવણી હવે પુરવાર થશે. મુંબઈ પર કરવામાં આવેલા ભયાનક હુમલાના મુખ્ય સૂત્રધાર તહવ્વુર રાણાને ભારત લાવવામાં આવ્યો છે. તેના માટે દિલ્હી-મુંબઈમાં જેલની કોટડી તૈયાર રાખવામાં આવી હતી. ૨૦૦૮માં મુંબઈ પર આતંકવાદી હુમલાનું કાવતરૂ ઘડવામાં સામેલ પાકિસ્તાની મૂળના કેનેડિયન બિઝનેસમેન તહવ્વુર રાણાએ યુએસ-ભારત પ્રત્યાર્પણ સંધિ હેઠળ ભારતમાં તેના પ્રત્યાર્પણ સામે સ્ટે મુકવા સુપ્રીમ કોર્ટમાં કરેલી ઈમરજન્સી અરજીને યુએસની સુપ્રીમ કોર્ટ દ્વારા નકારી કાઢવામાં આવી તેના પગલે ભારતની નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી-એનઆઈએ- અને રિસર્ચ એન્ડ અનાલિસીસ વિંગ-રોની ટીમ આરોપી રાણાને લઈને નવી દિલ્હી આવી ચૂકી છે. તહવ્વુર રાણા ગુરૂવારે સવારે સ્પેશ્યલ ફલાઈટ દ્વારા નવી દિલ્હી પહોંચતા જ તેને નવી દિલ્હીની એનઆઈએ કોર્ટમાં રજૂ કરી કસ્ટડી મેળવવામાં આવી. મુંબઈની ક્રાઈમ બ્રાંચ દ્વારા તેનો કબજો મેળવવામાં આવશે. યુએસ કોર્ટની ભલામણ અનુસાર દિલ્હી અને મુંબઈમાં ભારે સુરક્ષા ધરાવતી જેલની બે કોટડીઓ રાણા માટે તૈયાર કરી દેવામાં આવી છે. એફબીઆઈએ ધરપકડ કરી તેના સોળ વર્ષે એનઆઈએ અને રોની ટીમ તહવ્વુર રાણાને ભારત લાવવામાં સફળ થઈ છે. રાણા લોસ એન્જલિસના ડિટેન્શન સેન્ટરમાં હતો. તહવ્વુર હુસૈન રાણા એક પાકિસ્તાની-કેનેડિયન આતંકવાદી, ઉદ્યોગપતિ અને ભૂતપૂર્વ લશ્કરી ડૉક્ટર છે. તે લશ્કર-એ-તૈયબા નામના આતંકવાદી જૂથનો સભ્ય હતો અને ૨૦૦૮ના મુંબઈ હુમલા અને ૨૦૦૯માં ડેનિશ અખબાર જ્યલ્લાન્ડ્સ-પોસ્ટેન પરના નિષ્ફળ હુમલા સહિત અનેક આતંકવાદી કાવતરાઓમાં તેની સંડોવણી હતી. હાલમાં, તહવ્વુર હુસૈન રાણાને અમેરિકાથી ભારત પ્રત્યાર્પણ કરવામાં આવ્યો છે. યુએસ ફેડરલ બ્યુરો ઓફ પ્રિઝન્સની કસ્ટડીમાંથી તેને એક વિશેષ વિમાનમાં NIA અધિકારીઓ સાથે દિલ્હી લાવવામાં આવ્યો છે અને તેને તિહાર જેલમાં રાખવામાં આવશે. ત્યારબાદ તેને વિશેષ NIA કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવશે. પાકિસ્તાની મૂળના કેનેડિયન નાગરિક તહવ્વુર રાણાને લોસ એન્જલિસના એક મેટ્રોપોલિટન ડિટેન્શન સેન્ટરમાં રખાયો હતો. રાણા મુંબઈ આતંકવાદી હુમલાના મુખ્ય કાવતરાખોરો પૈકી એક એવા પાકિસ્તાની અમેરિકન આતંકવાદી ડેવિડ કોલ્મન હેડલીનો ખાસ છે. અમેરિકન રાષ્ટ્રપતિ ટ્રમ્પ દ્વારા ગયા મહિને જ રાણાના પ્રત્યાર્પણને મંજૂરી અપાઈ હતી. ૨૬ નવેમ્બર, ૨૦૦૮ના રોજ હુમલો થયો હતો. ૨૬ નવેમ્બર, ૨૦૦૮ના રોજ પાકિસ્તાનના ૧૦ આતંકવાદીઓના એક જૂથે અરબ સાગરમાં સમુદ્ર માર્ગ મારફત મુંબઈમાં પ્રવેશ કર્યો હતો અને ત્યારબાદ એક રેલવે સ્ટેશન, બે હોટલ અને એક સિનેગોગ પર હુમલો કર્યો હતો. લગભગ ૬૦ કલાક સુધી ચાલેલા આ હુમલામાં ૧૬૬ લોકોનાં મોત થયા હતા. હુમલામાં એક આતંકવાદી અજમલ આમિર કસાબને જીવતો પકડી લેવાયો હતો. નવેમ્બર ૨૦૧૨માં પૂણેની યરવડા જેલમાં કસાબને ફાંસીના માંચડે લટકાવી દેવામાં આવ્યો હતો. મુંબઈમાં થયેલા ૨૬/૧૧ના ભીષણ આતંકવાદી હુમલાના આરોપી તહવ્વુર હુસૈન રાણાને ગુરુવારે ભારત લવાયો છે.

# કોંગ્રેસને ફરી વખત સત્તામાં લાવવાનું આત્મમંથન

એક સમયે ભારતની પ્રજા માનતી હતી કે સરકાર એટલે કોંગ્રેસ અને કોંગ્રેસ એટલે ભારત સરકાર. એ સમયે મોટાભાગના સરકારી કર્મચારીઓ માનતા કે જે સરકાર પગાર આપે છે એને મત આપો. અને લોકોને વિશ્વાસ હતો કે તે ગરીબી હટાવશે. આ એક ગરીબોનું સપનું હતું ને અધૂરું રહ્યું.કોંગ્રેસના વરિષ્ઠ નેતા ગુલામ નબી આઝાદે એક સમયે દુઃખ સાથે જણાવ્યું હતું કે કોંગ્રેસના વળતા પાણી છે કારણ કે આ ઐતિહાસિક પક્ષ હવે પરિવાર પ્રભાવ નીચે કાર્ય કરે છે. મોવડી મંડળ કોંગ્રેસના સિનિયર નેતાની અવગણના કરે છે. આના કારણે હવે ધીમે ધીમે પક્ષનું વર્ચસ્વ ખતમ થઈ રહ્યું છે. આ શબ્દ આજે દરેકને યાદ આવે છે. કોંગ્રેસ જેવો એક સમયનો પ્રભાવશાળી પક્ષ આજે સત્તા માટે વલખા મારે છે. સત્તા માટે સતત વલખા મારતા કોંગ્રેસના નેતાઓએ અમદાવાદને આંગણે આવીને રાબેતા મુજબ નરેન્દ્ર મોદીની સરકાર તથા સંઘ પરિવારને બરાબર ટાર્ગેટ કર્યા અને નૂતન ગુજરાતમાં નૂતન કોંગ્રેસનું નવું સૂત્ર આપ્યું અને સત્તા કબજે કરવા માટે ઈનોવેટિવ આઈડિયા પ્રસ્તુત કરવામાં આવ્યા. કોંગ્રેસનું રાષ્ટ્રીય અધિવેશન ગુજરાતના અમદાવાદના આંગણે સમાપ્ત થઈ ચૂક્યું છે. આ અધિવેશનમાં રાહુલે આગાહી કરી છે કે ટેરિફને પગલે આર્થિક તોફાન આવશે. દેશની સંપત્તિ અત્યારે વેચાઈ રહી છે એક સમય એવો આવશે કે આખો દેશ વેચાઈ જશે. ભાજપ અને સંઘ પરિવાર દેશ તોડવા માંગે છે તેની પાસે બીજો કોઈ કાર્યક્રમ નથી. ભાજપ પાસે ધન-સત્તા છે, કોંગ્રેસ પાસે સચ્ચાઈ-પ્રજાનો પ્રેમ છે. કોંગ્રેસના રાષ્ટ્રીય અધિવેશનમાં સંકલ્પ, સમર્પણ, સંઘર્ષ, સમર્પણના સૂત્રને આત્મસાત કરવા રાહુલ ગાંધીએ નેતાઓને શીખ આપી. ભારતની પ્રજાનો પ્રેમ છે. આજે નહી તો કાલે સફળતા તમારા કદમ ચૂમશે. રાહુલ ગાંધીએ મોદી સરકારની આકરી ટીકા કરતાં કહ્યું કે, પહેલા મોદી અમેરિકા જતા હતા. રાષ્ટ્રપતિ ટ્રમ્પ ગળે મળતા હતા. હવે તમે આવી તસ્વીર જોઈ ખરી ?. ટ્રમ્પે નવા ટેરિફ લાધ્યા છે તેમ છતાં વડાપ્રધાને એક પણ શબ્દ ઉચ્ચાર્યો નથી. રાહુલે એવી આગાહી કરી દીધી કે, આગામી દિવસોમાં આર્થિક તોફાન આવશે. જાતિગત વસ્તી ગણતરી પર ભાર મૂકતા તેમણે કહ્યું કે, એ જાણવું જરૂરી છે કે આ દેશમાં કોની શું ભાગીદારી છે. તે માટે જાતિગત જનગણના કરવી જોઈએ. દેશનો એક્સ-રે થવો જોઈએ. કોંગ્રેસ ભારતનો એક મુખ્ય રાજકીય પક્ષ છે. તેની સ્થાપના ૨૮ ડિસેમ્બર ૧૮૮૫ના રોજ થઈ હતી અને તે એશિયા અને આફ્રિકામાં બ્રિટિશ સામ્રાજ્યમાં ઉદ્ભવેલી પ્રથમ આધુનિક રાષ્ટ્રવાદી ચળવળ હતી. કોંગ્રેસનો ઈતિહાસ બે મુખ્ય તબક્કામાં વહેંચાયેલો છે. આઝાદી પહેલાનો યુગઃ આ



સમયગાળા દરમિયાન, કોંગ્રેસે ભારતીય સ્વતંત્રતા ચળવળમાં મુખ્ય ભૂમિકા ભજવી અને લોકોમાં જાગૃતિ લાવવાનું કાર્ય કર્યું. મહાત્મા ગાંધીના નેતૃત્વ હેઠળ, કોંગ્રેસ એક જન આંદોલન બન્યું. કોંગ્રેસનો શરૂઆતના દાયકાનો સોનેરી યુગ તો હવે આથમી ચૂક્યો છે અત્યારે

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

આ પક્ષના વળતા પાણી છે જ્યારે તેની પુનઃ સ્થાપના માટે સંકલ્પ કરવામાં આવ્યો છે. એક સમય એવો હતો કે જ્યારે આઝાદી પછીનો યુગ એટલે ૧૯૪૭માં ભારતની આઝાદી પછી, કોંગ્રેસે ભારતીય રાજકારણમાં એક પ્રભાવશાળી સ્થાન જાળવી રાખ્યું. આઝાદી પછીના ૬૦ વર્ષોમાંથી લગભગ ૪૮ વર્ષ સુધી કોંગ્રેસે કેન્દ્રમાં શાસન કર્યું. જવાહરલાલ નેહરુ, ઈન્દિરા ગાંધી, રાજીવ ગાંધી જેવા અનેક દિગ્ગજ નેતાઓએ કોંગ્રેસનું નેતૃત્વ કર્યું. આ સમયે તેનું એકચક્રી શાસન હતું. આજે પણ કોંગ્રેસ એક રાષ્ટ્રીય સ્તરનો રાજકીય પક્ષ છે અને ઘણા રાજ્યોમાં તેની નોંધપાત્ર હાજરી છે. તે વિવિધ રાજકીય પક્ષો સાથે જોડાણ કરીને ચૂંટણી લડે છે. એક સમય એવો હતો કે ભારતની આઝાદી પછી, ઈન્ડિયન નેશનલ કોંગ્રેસ દેશની સૌથી પ્રભાવશાળી રાજકીય પાર્ટી બની રહી. ૧૯૫૨માં આઝાદી પછીની પહેલી સામાન્ય ચૂંટણીમાં પાર્ટીએ રાષ્ટ્રીય સંસદ અને મોટાભાગની રાજ્ય વિધાનસભામાં જંગી જીત મેળવી. આ સમયગાળા દરમિયાન કોંગ્રેસે કેન્દ્રમાં એકહથ્થુ શાસન કર્યું. જવાહરલાલ નેહરુ ભારતના પ્રથમ વડાપ્રધાન બન્યા અને તેમણે આધુનિક ભારતના નિર્માણમાં મહત્વની ભૂમિકા ભજવી. તેમની નીતિઓમાં બિન-જોડાણવાદ, સમાજવાદી અર્થતંત્ર અને આયોજનનો સમાવેશ થાય છે. નેહરુના મૃત્યુ પછી લાલ બહાદુર શાસ્ત્રી વડાપ્રધાન બન્યા. તેમના કાર્યકાળ દરમિયાન ૧૯૬૫નું ભારત-પાકિસ્તાન યુદ્ધ થયું.બાદમાં ઈન્દિરા ગાંધી ભારતના પ્રથમ મહિલા વડાપ્રધાન બન્યા અને તેમણે લાંબા સમય સુધી શાસન કર્યું. તેમના કાર્યકાળમાં ૧૯૭૧નું ભારત-પાકિસ્તાન યુદ્ધ, બાંગ્લાદેશની રચના અને કટોકટી (૧૯૭૫-૭૭) જેવી મહત્વની ઘટનાઓ બની. ૧૯૬૯માં કોંગ્રેસનું વિભાજન પણ આ સમયગાળામાં થયું. ઈન્દિરા ગાંધીની હત્યા પછી રાજીવ ગાંધી વડાપ્રધાન બન્યા. તેમણે ટેકનોલોજી અને આધુનિકીકરણ પર ભાર મૂક્યો. ત્યારબાદ પી.વી. નરસિંહ રાવનો યુગ શરૂ થયો. આ સમયગાળામાં ભારતે આર્થિક ઉદારીકરણની નીતિ અપનાવી. ત્યારબાદ સોનિયા ગાંધી અને મનમોહન સિંહની સરકાર આવી. સોનિયા ગાંધી પાર્ટીના અધ્યક્ષ બન્યા અને તેમના નેતૃત્વ હેઠળ કોંગ્રેસે ૨૦૦૪ અને ૨૦૦૯માં કેન્દ્રમાં સરકાર બનાવી. મનમોહન સિંહ આ બંને સરકારોમાં વડાપ્રધાન રહ્યા. આ સમયગાળામાં ભારતે નોંધપાત્ર આર્થિક વિકાસ સાધ્યો અને માહિતી અધિકાર કાયદો (RTI) જેવી મહત્વની પહેલો કરવામાં આવી. ૨૦૧૪ અને ૨૦૧૯ની લોકસભા ચૂંટણીઓમાં કોંગ્રેસને કારમી હારનો સામનો કરવો પડ્યો અને તે રાષ્ટ્રીય સ્તરે વિપક્ષમાં આવી ગઈ. રાહુલ ગાંધીએ પાર્ટીનું નેતૃત્વ કર્યું, પરંતુ તેઓ સફળ રહ્યા નહીં. હાલમાં મલ્લિકાર્જુન ખડગે કોંગ્રેસના અધ્યક્ષ છે અને પાર્ટી પોતાને પુનઃસ્થાપિત કરવાના પ્રયત્નો કરી રહી છે. ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસે ૯૯ બેઠકો જીતીને વિપક્ષમાં મજબૂત સ્થાન મેળવ્યું છે. આઝાદી પછી કોંગ્રેસે ભારતીય રાજકારણ અને સમાજ પર ઊંડી અસર છોડી છે. પાર્ટીએ દેશના વિકાસમાં મહત્વની ભૂમિકા ભજવી છે, પરંતુ છેલ્લા કેટલાક વર્ષોમાં તેને પડકારોનો સામનો કરવો પડી રહ્યો છે. કોંગ્રેસની હાલની સ્થિતિ ખૂબ સારી ન કહી શકાય તેમ છતાં સંસદ માટે વિરોધ પક્ષની ભૂમિકા અન્ય સાથી પક્ષોની મદદથી ભજવી શકે છે. જો કોંગ્રેસના નેતાઓ માત્ર ભાજપને ટાર્ગેટ કરવાનું છોડીને લોકોની વચ્ચે જઈને કામ કરવા લાગે તો ફરી વખત કોંગ્રેસની સ્થિતિમાં સુધારો થઈ શકે. નંબર ૨, સાથી પક્ષો સાથે તે કોમ્પ્રોમાઈઝ કરે તે અત્યંત જરૂરી છે. કોંગ્રેસના અસહયોગને કારણે દિલ્હીની ચૂંટણીમાં આમ આદમી પાર્ટી ખરાબ રીતે હારી ગઈ અને કોંગ્રેસની દશા પણ નામોશીભરી થઈ. આ બધું અટકાવવા માટે અધિવેશનમાં વ્યાપક વિચારણા થઈ અને ફરી વખત સત્તા પર આવવા માટે કોંગ્રેસે લોકોની વચ્ચે જઈને કામ કરવું જોઈએ, પ્રજાના અવાજને અનુસરવું જોઈએ તો કોંગ્રેસ સત્તા પર આવી શકશે તેવી આશા કરવામાં આવી હતી.

**પંડિત નહેરુ થી માંડી ડોક્ટર મનમોહનસિંઘ જેવા નેતાઓ એક સમયે કોંગ્રેસના સારથી હતા. અહેમદ પટેલ અને ગુલામ નબી આઝાદ જેવા સલાહકાર હતા ત્યારે પક્ષની બોલબાલા હતી પરંતુ હવે સત્તા પર કેમ આવવુ એની મથામણ રાષ્ટ્રીય અધિવેશનમાં કરવામાં આવી.**

## શબ્દ સંજોગ-૧૯૮૧



**આડી ચાવી :**
(૧) એક ટાપુ (૪)
(૪) સગીર, નાની ઉંમરનું (૪)
(૭) કચરો, ગંદકી (૨)
(૮) તમાકુના પાકને આવતો એક રોગ (૩)
(૯) ચૂંક, આંકડી (૨)
(૧૦) વિષ્ણુ, કૃષ્ણ (૪)
(૧૨) ભોંય પર પડેલા ભાતના દાણા (૨)
(૧૪) બિયું, બીજ (૧)
(૧૫) પાણીનો વેગ-તાણ (અ) (૨)
(૧૯) ફનાફાતિયા, અસ્તવ્યસ્ત (૪)
(૨૧) એક પક્ષી (૪)
(૨૩) ચણવું તે, ચણવાનું કામ (૪)
(૨૪) પતિ, સ્વામી (૨)
(૨૫) પાણી (૨)
(૨૬) જમીનમાંથી ખોદી કાઢેલું (૩)
(૨૭) હીંચવા માટે ટંગાવેલું સાધન (૩)
(૨૯) લગાતાર, નિરંતર (૩)
(૩૦) ધીમેથી મારેલી થપાટ (૩)

**ઉભી ચાવી :**
(૧) એક છોડ (૪)
(૨) સુંદર સ્ત્રી (૩)
(૩) પ્રતિજ્ઞા, કોલ (૩)
(૪) બેઆબરૂ, હીણપત (૩)
(૫) ભાષાના વર્ણો લખવાની રીત (૨)
(૬) ગાંઠ, સોજો (૩)
(૧૧) દુઃખ, પીડા (અ) (૨)
(૧૩) બાજુ, પક્ષ (૪)
(૧૬) ટેવ, મહાવરો (૩)
(૧૭) અપમાન પામેલું (૫)
(૧૮) વહાણના કૂવાથંભની ટોચ (૨)
(૧૯) તરબોળ (૪)
(૨૦) અરસપરસ ફેરફાર, અદલાબદલી (૫)
(૨૨) સંભાળ, સારવાર (૪)
(૨૫) અત્ર, આ સ્થળે (૩)
(૨૬) વીરણનો વાળો (૨)
(૨૮) શત્રુ ન ભેદી શકે એવી વ્યુહરચના (૨)

## શબ્દ સંજોગ-૧૯૮૦ જવાબ

**આડી ચાવી:** (૧) કુચીપુડી (૪) ધન (૭) નામના (૯) ગમાર (૧૧) કુલ (૧૩) રંજ (૧૫) મણ (૧૬) સગીર (૧૭) રમા (૧૯) સતત (૨૪) સરોદ (૨૬) વર્ગ (૨૭) હમાલ (૨૯) રજુ (૩૦) રેખા (૩૩) કલા (૩૪) રખે (૩૫) રમલ.
**ઉભી ચાવી :** (૧) કુમકુમ (૨) પુના (૩) ડીમ (૫) નગ (૬) જાર (૮) નારંગી (૧૦) માનર (૧૧) લણસ (લસણ) (૧૪) જર (૧૬) સત (૧૮) માનદ (૨૦) તજ (૨૧) ખાસ (૨૨) લવચીક (૨૩) મામા (૨૫) રોગ (૨૭) હજુર (૨૮) લરે (રેલ) (૩૧) ખાર (૩૨) ચલ.

# માર્કેટયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૨૫ | ૧૫૨૧ |
| ઘઉં લોકવન | ૪૭૨ | ૫૩૦ |
| ઘઉં ટુકડા | ૪૭૪ | ૬૨૫ |
| જુવાર સફેદ | ૭૦૦ | ૮૨૨ |
| બાજરી | ૪૨૫ | ૪૨૫ |
| તુવેર | ૧૨૦૧ | ૧૪૯૭ |
| ચણા પીળા | ૧૦૦૦ | ૧૧૨૫ |
| ચણા સફેદ | ૧૨૮૦ | ૨૨૧૦ |
| અડદ | ૧૧૭૦ | ૧૬૫૮ |
| મગ | ૧૦૫૦ | ૧૭૫૪ |
| વાલ દેશી | ૮૮૦ | ૧૩૦૦ |
| ચોળી | ૧૧૪૦ | ૧૮૮૦ |
| વટાણા | ૮૦૦ | ૨૧૦૦ |
| રાજમા | ૮૦૦ | ૨૩૭૦ |
| મગફળી જાડી | ૮૮૦ | ૧૦૯૦ |
| મગફળી જીણી | ૯૦૦ | ૧૨૫૦ |
| અળશી | ૧૨૦૨ | ૧૨૦૨ |
| તલી | ૧૮૫૪ | ૨૨૪૦ |
| સુરજમુખી | ૧૩૨૫ | ૧૪૨૫ |
| એરંડા | ૧૧૪૧ | ૧૧૯૦ |
| અજમો | ૧૨૧૨ | ૧૯૦૦ |
| સુવા | ૧૭૫૦ | ૨૧૦૦ |
| સોયાબીન | ૮૦૫ | ૮૩૬ |
| સીંગફાડા | ૧૦૪૦ | ૧૩૨૫ |
| કાળા તલ | ૪૦૦૦ | ૫૪૭૩ |
| લસણ | ૭૦૦ | ૧૩૮૦ |
| ધાણા | ૧૨૧૦ | ૧૬૮૦ |
| મરચા સુકા | ૮૨૦ | ૨૦૦૦ |
| ધાણી | ૧૨૪૦ | ૨૧૮૦ |
| વરીયાળી | ૨૧૦૦ | ૩૧૦૦ |
| જીરૂ | ૩૭૫૦ | ૪૭૫૦ |
| મેથી | ૮૪૦ | ૧૨૮૦ |
| ઇસબગુલ | ૨૦૦૦ | ૨૫૦૦ |
| અશેરીયો | ૧૪૫૬ | ૧૬૦૦ |
| કલોંજી | ૩૧૦૦ | ૩૬૧૦ |
| ગુવારનું બી | ૯૧૯ | ૯૧૯ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| કેરી કાચી | ૬૦૦ | ૮૦૦ |
| લીંબુ | ૧૬૦૦ | ૩૨૦૦ |
| સાકરટેટી | ૨૫૦ | ૪૦૦ |
| તરબુચ | ૨૦૦ | ૩૫૦ |
| બટેટા | ૧૩૦ | ૨૯૦ |
| ડુંગળી સુકી | ૬૫ | ૨૫૫ |
| ટમેટા | ૧૦૦ | ૨૪૦ |
| સુરણ | ૧૦૦૦ | ૧૪૦૦ |
| કોથમરી | ૩૦૦ | ૬૦૦ |
| સકરીયા | ૬૦૦ | ૮૦૦ |
| મુળા | ૩૦૦ | ૫૦૦ |
| રીંગણા | ૪૦૦ | ૬૦૦ |
| કોબીજ | ૬૦ | ૧૨૦ |
| ફ્લાવર | ૩૦૦ | ૫૦૦ |
| ભીંડો | ૮૦૦ | ૧૦૦૦ |
| ગુવાર | ૧૪૦૦ | ૧૮૦૦ |
| ચોળાસીંગ | ૧૦૦૦ | ૧૬૦૦ |
| વાલોળ | ૫૦૦ | ૭૦૦ |
| ટીંડોળા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| દુધી | ૨૦૦ | ૪૦૦ |
| કારેલા | ૪૦૦ | ૭૦૦ |
| સરગવો | ૧૦૦ | ૪૦૦ |
| તુરીયા | ૭૦૦ | ૯૦૦ |
| પરવર | ૮૦૦ | ૧૦૦૦ |
| કાકડી | ૩૦૦ | ૬૦૦ |
| ગાજર | ૩૧૦ | ૬૨૦ |
| વટાણા | ૧૨૦૦ | ૧૫૦૦ |
| ગલકા | ૪૦૦ | ૭૦૦ |
| બીટ | ૧૦૦ | ૨૦૦ |
| મેથી | ૧૦૦ | ૩૦૦ |
| વાલ | ૮૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી લીલી | ૧૫૦ | ૩૦૦ |
| આદુ | ૯૦૦ | ૧૨૦૦ |
| મરચા લીલા | ૫૦૦ | ૭૦૦ |
| લસણ લીલું | ૪૦૦ | ૮૦૦ |
| મકાઇ લીલી | ૧૨૦ | ૨૧૦ |
| ગુંદા | ૧૦૦૦ | ૧૪૦૦ |
| **ગોંડલ** | | |
| કપાસ બી. ટી. | ૧૦૦૧ | ૧૪૯૧ |
| મગફળી જીણી | ૭૬૧ | ૧૨૮૧ |
| સિંગ ફાડીયા | ૮૦૧ | ૧૩૬૧ |
| એરંડા / એરંડી | ૯૨૬ | ૧૨૨૬ |
| વરીયાળી | ૯૯૧ | ૯૯૧ |
| ધાણા | ૪૯૫૧ | ૧૭૫૧ |
| મરચા સૂકા પટ્ટો | ૩૦૧ | ૩૯૦૧ |
| ડુંગળી લાલ | ૭૧ | ૨૩૬ |
| અડદ | ૧૦૦૦ | ૧૬૦૧ |
| તુવેર | ૬૫૧ | ૧૪૪૧ |
| રાયડો | ૯૫૧ | ૧૨૦૧ |
| રાય | ૯૫૧ | ૧૨૫૧ |
| મેથી | ૫૦૦ | ૧૨૦૧ |
| કાંગ | ૫૩૧ | ૬૭૧ |
| મરચા | ૩૦૧ | ૧૯૫૧ |
| મગફળી જાડી | ૭૨૧ | ૧૧૫૧ |
| સફેદ ચણા | ૧૧૦૧ | ૨૧૬૧ |
| તલ - તલી | ૧૪૦૧ | ૨૧૮૧ |
| ધાણી | ૧૦૫૧ | ૨૨૫૧ |
| મરચા સૂકા ઘોલર | ૪૦૧ | ૫૦૫૧ |
| જુવાર | ૭૦૧ | ૮૫૧ |
| મકાઇ | ૪૫૧ | ૫૫૧ |
| મગ | ૧૬૯૧ | ૧૬૯૧ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૦૦ |
| વાલ | ૮૫૧ | ૧૨૫૧ |
| ચોળા / ચોળી | ૩૭૧ | ૫૯૧ |
| સોયાબીન | ૭૧૧ | ૮૪૬ |
| વટાણા | ૮૨૬ | ૨૧૭૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૫૦ | ૨૦૦ |
| મરચા | ૨૨૦ | ૮૦૦ |
| ગુવાર | ૪૦૦ | ૬૦૦ |
| કોબી | ૨૦ | ૮૦ |
| દુધી | ૪૦ | ૩૦૦ |
| ફ્લાવર | ૪૦ | ૨૦૦ |
| કાકડી | ૪૦ | ૫૦૦ |
| રીંગણા | ૬૦ | ૩૦૦ |
| ભીંડો | ૪૦૦ | ૧૦૦૦ |
| ગલકા | ૨૦૦ | ૬૦૦ |
| ગાજર | ૬૦ | ૪૦૦ |
| ટિંડોરા | ૫૦૦ | ૧૦૦૦ |
| વાલ | ૭૦૦ | ૧૩૦૦ |
| વટાણા | ૧૦૨૦ | ૧૪૦૦ |
| શક્કરીયા | ૧૬૦ | ૪૦૦ |
| કેરી કાચી | ૫૦૦ | ૧૨૦૦ |
| બટેટા | ૨૦૦ | ૩૨૦ |
| ડુંગળી પુરા | ૩ | ૧૫ |
| તાંજરીયા પુરા | ૧ | ૨ |
| કોથમીર પુરા | ૧ | ૩ |
| મૂળા પુરા | ૫ | ૧૦ |
| ફોદીનો પુરા | ૨ | ૭ |
| કાચા કેળા | ૨૦૦ | ૩૦૦ |
| પચકારુ | ૧૫૦ | ૨૫૦ |
| ચુરણ | ૧૦૦૦ | ૧૪૦૦ |
| પરવર | ૮૨૦ | ૯૦૦ |
| ગુંદા | ૬૦૦ | ૧૦૦૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૯૦૦ |
| લીંબુ | ૮૦૦ | ૩૦૦૦ |
| મેથી પુરા | ૨ | ૭ |
| બીટ પુરા | ૩ | ૧૦ |
| સરગવો પુરા | ૨ | ૭ |
| ચોરા | ૩૦૦ | ૧૦૦૦ |
| કારેલા | ૩૦૦ | ૭૦૦ |
| વાલોળ | ૪૦૦ | ૮૦૦ |
| કાચા પોપૈયા | ૧૨૦ | ૩૦૦ |
| આદુ | ૫૦૦ | ૯૦૦ |
| મકાઇ ડોડા | ૧૦૦ | ૨૦૦ |
| લસણ પુરા | ૪ | ૧૦ |
| પાલક પુરા | ૨ | ૭ |
| **અમરેલી** | | |
| કપાસ | ૭૦૦ | ૧૪૯૧ |
| શિંગ મઠડી | ૮૭૫ | ૧૦૭૦ |
| ગીરનાર શીંગ | ૧૧૧૨ | ૧૧૧૨ |
| શિંગ મોટી | ૮૧૦ | ૧૦૮૭ |
| શિંગ ફાડા | ૯૫૦ | ૧૩૧૨ |
| તલ સફેદ | ૧૦૩૫ | ૨૨૭૦ |
| તલ કાશ્મીરી | ૧૫૧૫ | ૧૯૦૦ |
| બાજરો | ૬૨૫ | ૬૨૫ |
| જુવાર | ૪૦૦ | ૭૬૦ |
| ઘઉં ટુકડા | ૪૩૦ | ૭૫૫ |
| ઘઉં લોકવન | ૪૦૦ | ૫૪૪ |
| અડદ | ૬૦૦ | ૧૧૪૦ |
| ચણા | ૯૧૫ | ૧૦૬૦ |
| ચણા દેશી | ૧૧૧૬ | ૧૨૧૨ |
| સફેદ ચણા | ૮૫૦ | ૧૩૪૦ |
| તુવેર | ૮૬૦ | ૧૪૧૫ |
| એરંડા | ૧૦૫૦ | ૧૧૮૯ |
| જીરૂ | ૧૭૦૦ | ૪૭૫૦ |
| રાય | ૮૨૦ | ૯૫૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૫૭૦ |
| ધાણી | ૧૧૫૦ | ૧૯૧૦ |
| અજમા | ૬૫૦ | ૧૭૪૦ |
| મેથી | ૬૦૦ | ૯૩૦ |
| સોયાબીન | ૬૫૦ | ૮૨૩ |
| મરચા લાંબા | ૩૨૦ | ૧૭૭૦ |
| દેશી મરચા | ૬૫૦ | ૩૩૫૦ |
| કાંગ | ૪૭૦ | ૪૭૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૯૦ | ૨૯૦ |
| રીંગણા | ૨૦૦ | ૩૦૦ |
| ફુલાવર | ૨૦૦ | ૫૦૦ |
| કોબીજ | ૪૦ | ૫૦ |
| શકકરીયા | ૨૫૦ | ૩૫૦ |
| ટામેટા | ૧૫૦ | ૧૬૦ |
| સુરણ | ૮૦૦ | ૧૦૦૦ |
| ગાજર | ૨૦૦ | ૨૫૦ |
| દૂધી | ૧૨૦ | ૨૨૦ |
| કારેલા | ૫૦૦ | ૭૦૦ |
| ગલકા | ૪૦૦ | ૬૦૦ |
| કાકડી | ૧૦૦ | ૨૦૦ |
| ગુવાર | ૪૦૦ | ૧૦૦૦ |
| વાલોળ | ૭૦૦ | ૮૦૦ |
| ચોળા લીલા | ૯૦૦ | ૧૦૦૦ |
| તુરીયા | ૬૦૦ | ૯૦૦ |
| શકકરટેટી | ૧૦૦ | ૨૫૦ |
| ભીંડો | ૫૦૦ | ૮૦૦ |
| આદુ | ૭૦૦ | ૮૦૦ |
| કોથમીર | ૨૦૦ | ૩૦૦ |
| મેથીભાજી | ૩૦૦ | ૪૦૦ |
| ફુદીનો | ૪૦૦ | ૫૦૦ |
| ટીંડોરા | ૭૦૦ | ૮૦૦ |
| બીટ | ૧૦૦ | ૧૬૦ |
| સરગવો | ૧૦૦ | ૧૫૦ |
| લીમડો મીઠો | ૧૦૦ | ૧૫૦ |
| મરચા લીલા | ૪૦૦ | ૬૦૦ |
| ડુંગળી લીલી | ૨૫૦ | ૩૦૦ |
| ડુંગળી સૂકી | ૧૦૦ | ૨૬૦ |
| લસણ લીલુ | ૭૦૦ | ૮૦૦ |
| લસણ સુકુ | ૪૦૦ | ૧૪૦૦ |
| મકાઈ | ૧૬૦ | ૨૦૦ |
| લીંબુ | ૨૦૦૦ | ૨૬૦૦ |
| પાલક | ૪૦૦ | ૫૦૦ |
| **ધારી** | | |
| મગફળી | ૯૫૦ | ૯૫૦ |
| ઘઉં લોકવન | ૪૦૦ | ૫૧૫ |
| ચણા | ૯૦૧ | ૧૧૧૮ |
| તુવેર | ૧૨૯૧ | ૧૨૯૧ |
| ધાણા | ૧૨૨૦ | ૧૩૭૦ |
| એરંડા | ૭૦૦ | ૧૧૧૩ |
| શીંગ દાણા | ૧૨૩૦ | ૧૨૩૦ |
| મેથી | ૯૭૦ | ૯૭૦ |
| રાજગરો | ૫૦૦ | ૫૦૦ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૩૦૦ | ૧૪૮૯ |
| મગફળી | ૯૯૦ | ૯૯૦ |
| ચણા | ૧૦૬૦ | ૧૦૮૦ |
| તુવેર | ૧૨૫૦ | ૧૨૭૫ |
| અડદ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| સોયાબીન | ૭૬૧ | ૭૬૧ |
| રાય | ૧૦૧૨ | ૧૦૧૨ |
| મેથી | ૯૨૦ | ૧૦૫૦ |
| જીરૂ | ૪૪૦૦ | ૪૬૭૦ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૯૮૬ | ૧૦૬૮ |
| મગફળી ૩૨ નં. | ૯૭૬ | ૧૦૩૪ |
| બાજરી હાઈબ્રીડ | ૪૭૦ | ૫૯૫ |
| ઘઉ | ૪૬૦ | ૫૫૩ |
| રાઈ | ૧૦૪૦ | ૧૧૪૦ |
| રાયડો | ૯૫૦ | ૧૦૬૨ |
| મેથી | ૭૫૦ | ૧૦૩૦ |
| તુવેર | ૧૨૦૦ | ૧૪૧૫ |
| જુવાર | ૫૫૦ | ૮૯૬ |
| એરંડી | ૧૧૦૦ | ૧૨૦૩ |
| ચણા | ૯૮૦ | ૧૦૯૫ |
| સોયાબીન | ૭૫૦ | ૮૪૩ |
| ધાણા | ૧૧૦૦ | ૧૩૪૪ |
| કપાસ | ૧૩૬૦ | ૧૪૨૫ |
| કાંગ | ૪૩૦ | ૫૪૪ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૫૧૧ |
| ઘઉં લોકવન | ૩૮૧ | ૫૧૫ |
| ઘઉં ટુકડા | ૪૦૦ | ૪૯૦ |
| ચણા | ૬૦૦ | ૧૦૮૧ |
| મેથી | ૭૫૫ | ૭૫૫ |
| ધાણા | ૧૧૩૦ | ૧૩૩૫ |
| મગફળી | ૭૫૦ | ૯૦૦ |
| વટાણા | ૯૪૦ | ૯૪૦ |
| મકાઈ | ૪૭૨ | ૪૭૨ |
| તુવેર | ૮૦૦ | ૧૩૦૦ |
| રાય | ૧૦૬૦ | ૧૧૮૫ |
| સોયાબીન | ૫૦૦ | ૮૦૦ |
| ચણા સફેદ | ૧૦૫૫ | ૧૧૦૦ |
| તલ સફેદ | ૧૬૫૧ | ૧૬૫૧ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૯૪૩ | ૧૦૪૦ |
| શીંગ મોટી | ૧૦૦૦ | ૧૦૫૪ |
| તલ સફેદ | ૧૮૦૦ | ૨૧૦૩ |
| જીરૂ | ૪૩૨૦ | ૪૯૩૦ |
| કપાસ | ૧૩૫૦ | ૧૪૮૨ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૫૭૦ |
| ઘઉં ટુકડા | ૫૨૧ | ૭૦૬ |
| બાજરો | ૫૦૦ | ૬૨૪ |
| જુવાર | ૬૦૦ | ૭૧૧ |
| અડદ | ૧૩૦૦ | --- |
| ચણા | ૧૦૮૦ | ૧૧૨૧ |
| દેશી ચણા | ૧૨૦૦ | ૧૩૭૧ |
| તુવેર | ૧૧૫૦ | ૧૩૮૫ |
| એરંડી | ૧૧૫૦ | ૧૧૮૪ |
| મેથી | ૮૦૦ | ૯૭૧ |
| રાય/રાયડો | ૯૫૦ | ૧૦૫૦ |
| ધાણા | ૧૩૦૦ | ૧૬૮૦ |
| સોયાબીન | ૭૧૦ | ૭૭૨ |
| **રાજુલા** | | |
| શીંગ | ૯૧૧ | ૧૦૩૬ |
| તલ પીળા | ૧૯૦૭ | ૧૯૦૭ |
| તલ કાળા | ૩૩૦૧ | ૩૩૦૧ |
| કપાસ | ૧૧૦૦ | ૧૪૭૫ |
| બાજરો | ૪૨૧ | ૬૦૦ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૬૦૧ |
| જુવાર | ૬૫૦ | ૯૧૪ |
| મકાઈ | ૫૦૦ | ૫૦૦ |
| કાંગ | ૮૨૪ | ૮૪૫ |
| ચણા | ૮૫૦ | ૧૦૮૭ |
| એરંડી | ૮૦૦ | ૧૧૪૩ |
| રાય | ૧૦૦૦ | ૧૧૦૦ |
| સોયાબીન | ૭૮૮ | ૭૮૮ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૪૪૦ | ૧૫૫૫ |
| કપાસ મીડીયમ | ૧૧૬૦ | ૧૩૯૦ |
| મગફળી | ૯૭૫ | ૧૦૧૫ |
| જીરૂ | ૩૯૩૦ | ૪૯૦૦ |
| ઘઉ | ૪૫૯ | ૫૫૧ |
| ચણા | ૧૦૪૮ | ૧૦૯૨ |
| ધાણા | ૧૨૯૦ | ૧૫૭૦ |
| તુવેર | ૧૨૧૦ | ૧૩૩૦ |
| મેથી | ૯૩૦ | ૧૦૨૦ |
| **મહુવા** | | |
| શીંગ ૩૯ | ૯૩૫ | ૧૦૧૪ |
| શીંગ ૩૨ | ૧૦૨૩ | ૧૦૫૧ |
| શીંગ જી-૨૦ | ૧૦૨૩ | ૧૦૪૮ |
| ડુંગળી લાલ | ૮૩ | ૨૫૧ |
| ડુંગળી સફેદ | ૧૨૦ | ૨૦૪ |
| નાળીયેર | ૭૬૫ | ૩૩૫૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૫૦૧ |
| ઘઉ | ૪૦૦ | ૫૧૬ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૦૧ |
| તુવેર | ૮૫૧ | ૧૪૦૧ |
| મગફળી | ૭૦૦ | ૧૦૨૧ |
| શિંગ ફાડા | ૧૦૦૧ | ૧૧૫૧ |
| મેથી | ૮૦૦ | ૧૦૦૧ |
| જીરૂ | ૩૦૦૦ | ૪૬૫૧ |
| ધાણા | ૧૦૦૧ | ૧૪૧૧ |
| સોયાબીન | ૭૦૦ | ૭૯૧ |

★ ખેડૂતભાઈઓ માટે ★
જીપ્સમ
દહેજ તથા વડોદરાનું મટીરીયલ્સ
લૂઝ ટ્રક લોડીંગ સપ્લાય ચાલુ :
● એક (૧) પ્રતિ ટન જીપ્સમ ભાવ
● એક (૧) પ્રતિ ટન ટ્રાન્સપોર્ટભાડા
તે મુજબ હોમ ડીલીવરી લોડીંગ ૨૫થી ૪૦ ટન સુધી
ઓર્ડર તથા જાણકારી માટે સંપર્ક સુત્ર :
મો. ૯૪૨૬૯ ૮૯૫૭૬ પી.બી. ઘાટલીયા
મુ.લાઠી, તા.લાઠી, જી.અમરેલી

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

**માર્ગ પર વૃક્ષ ધરાશાયી થતા વાહન વ્યવહારને અસર**

# પોલીસે તાત્કાલિક લીલીયા-અંટાળીયા માર્ગ પરથી વૃક્ષ હટાવી વાહન વ્યવહાર પૂર્વવત કરાવ્યો

**લીલીયા પોલીસની ત્વરીત કામગીરીને ગ્રામજનોએ આવકારી**



લીલીયા, તા.૧૦

લીલીયા તાલુકાના લીલીયાથી અંટાળીયા જવાના માર્ગ પર એક મોટું વૃક્ષ અચાનક ધરાશયી થતાં વાહન વ્યવહાર સંપૂર્ણપણે ખોરવાઈ ગયો હતો. આ ઘટનાની જાણ તાત્કાલિક લીલીયા પોલીસ સ્ટેશનના પીઆઈ આઈ.જે. ગીડાને કરવામાં આવી હતી. પીઆઈ ગીડાએ પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં લઈને તાત્કાલિક લીલીયા પોલીસ સ્ટેશનના પોલીસ કર્મચારીઓ સિધ્ધરાજસિંહ, સી.બી. ટીલાવત, દિલીપભાઈ ખૂંટ અને પ્રકાશભાઈને ઘટનાસ્થળે રવાના કર્યા હતા. પોલીસની ટીમે ઘટના સ્થળે પહોંચીને માર્ગ પર પડેલા વિશાળ વૃક્ષને તાત્કાલિક હટાવવાની કામગીરી હાથ ધરી હતી. માર્ગને તાત્કાલિક ખુલ્લો કરવા માટે જેસીબી મશીનની મદદ લેવામાં આવી હતી. પોલીસની આ ત્વરિત કાર્યવાહીના પરિણામે થોડા જ સમયમાં લીલીયા-અંટાળીયા માર્ગ પર વાહન વ્યવહાર ફરીથી શરૂ થઈ શક્યો હતો, જેના કારણે મુસાફરોને હાલાકી ભોગવવી પડી ન હતી. લીલીયા પોલીસની આ કામગીરીને સ્થાનિક લોકોએ બિરદાવી હતી.

# સા.કુંડલા-લીલીયા વિધાનસભામાં ભાજપાનું "સક્રિય સદસ્ય સંમેલન", સંકલ્પથી સિદ્ધિનો નાદ

સાવરકુંડલા, તા.૧૦



સ્થાપના દિવસની ઉજવણીમાં પ્રદેશમંત્રી મહેશભાઈ કસવાલાનું સંબોધન, કાર્યકર્તાઓને રાષ્ટ્રવાદ અને અંત્યોદયનો મંત્ર સાવરકુંડલા-લીલીયા વિધાનસભા પરિવાર દ્વારા ભારતીય જનતા પાર્ટીના ૪૬ માં સ્થાપના દિવસના ઉપલક્ષમાં "સક્રિય સદસ્ય સંમેલન"નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સંમેલનમાં પ્રદેશ ભાજપના મંત્રી અને ધારાસભ્ય મહેશભાઈ કસવાલા મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહ્યા હતા. મહેશભાઈ કસવાલાએ ભારતીય જનતા પાર્ટીની સ્થાપનાથી લઈને આજ સુધીના અસંખ્ય ઘડવૈયાઓના યોગદાન અને બલિદાનને યાદ કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે ભાજપાના સુદ્રઢ સંકલ્પો આજે દરેક કાર્યકર્તાઓનું મનોબળ છે અને આ સંકલ્પો થકી સંગઠન વધુ મજબૂત બનશે. તેમણે રાષ્ટ્રહિતના કાર્યો કરી વિકાસની ગતિને વધુ તીવ્ર બનાવવાના સંકલ્પ સાથે આગળ વધવા ભાર મૂક્યો હતો. તેમણે કાર્યકર્તાઓને પાર્ટીનું હૃદય અને આત્મા ગણાવ્યા હતા. આ પ્રસંગે અમરેલી જિલ્લા ભાજપ મહામંત્રી મેહુલભાઈ ધોરાજીયા, જિલ્લા સહઈન્ચાર્જ કેતનભાઈ ઢાકેચા, પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયા, જિલ્લા ભાજપ ઉપાધ્યક્ષ શરદભાઈ પંડ્યા સહિત અનેક પદાધિકારીઓ અને કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સંમેલનમાં સાવરકુંડલા શહેર, તાલુકા અને લીલીયા ભાજપના નવનિયુક્ત પ્રમુખોનો અભિવાદન સમારોહ પણ યોજાયો હતો. તેમ સત્વ અટલધારા કાર્યાલયના ઈન્ચાર્જ જે.પી. હીરપરાએ અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# પોલીસ પર જીવલેણ હુમલો કરવાના કેસમાં આરોપીઓને નિર્દોષ છોડવાનો કોર્ટે હુકમ કર્યો

અમરેલી, તા.૧૦



અમરેલીની સેસન્સ કોર્ટે તાજેતરમાં એક ચકચારી કેસમાં ચુકાદો આપતા, વર્ષ ૨૦૧૯માં બે પોલીસ કોન્સ્ટેબલ પર થયેલા જીવલેણ હુમલાના તમામ સાત આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા છે. આ ઘટના ૧૩ ફેબ્રુઆરી ૨૦૧૯ના રોજ બની હતી જ્યારે પોલીસ કોન્સ્ટેબલ વરજાંગભાઈ મુળાસીયા અને સલીમભાઈ ભટ્ટી પેટ્રોલીંગમાં હતા. પોલીસકર્મીઓએ રાહુલ સોંદરવા અને અરવિંદ પરમારને શંકાસ્પદ દારૂની ૨૪ બોટલો સાથે અટકાવ્યા હતા. તે દરમિયાન, ધીરૂભાઈ પરમાર, સંજય પરમાર, શારદાબેન પરમાર, કાજલબેન પરમાર અને રમણીકભાઈ પરમાર ઘટના સ્થળે આવી પહોંચ્યા અને પોલીસ પર કુહાડી તથા પથ્થરોથી હુમલો કર્યો, તેમજ તેમની પાસેથી રોકડ અને મોબાઈલ ફોન લૂંટી લીધાની ફરિયાદ નોંધાઈ હતી. હુમલામાં ગંભીર રીતે ઘાયલ થયેલા બંને પોલીસકર્મીઓએ હોસ્પિટલમાં સારવાર લીધી હતી. આ કેસની સુનાવણી અમરેલીના ડિસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજ આર. વી. બુખારી મેડમે હાથ ધરી હતી. સરકાર પક્ષે અનેક સાક્ષીઓ અને એફ.એસ.એલ. રિપોર્ટ રજૂ કરવામાં આવ્યા હોવા છતાં, કોર્ટે પુરાવાના અભાવે તમામ સાતેય આરોપીઓ - રાહુલ સોંદરવા, ધીરૂભાઈ પરમાર, સંજય પરમાર, અરવિંદ પરમાર, શારદાબેન પરમાર, કાજલબેન પરમાર અને રમણીકભાઈ પરમારને નિર્દોષ ઠેરવ્યા હતા. આરોપીઓ તરફથી સિનિયર એડવોકેટ ઉદયન ત્રિવેદી, એ.એમ. નકવી અને વી.એમ. લચ્છાએ દલીલો કરી હતી.

# ધોરાજીમાં BSNL નેટવર્ક છેલ્લા ૧૫ દિવસથી ખોરવાયું, ગ્રાહકો પરેશાન

ધોરાજી, તા.૧૦

ધોરાજી શહેર અને તાલુકામાં ભારત સરકારની ટેલિકોમ કંપની બીએસએનએલ (BSNL)નું નેટવર્ક છેલ્લા ૧૫ દિવસથી ખોરવાઈ ગયું છે. સમગ્ર દેશમાં જ્યાં 5G નેટવર્કની હરીફાઈ ચાલી રહી છે, ત્યારે ધોરાજી પંથકમાં 2G નેટવર્ક પણ ઠપ્પ થઈ જતાં હજારો ગ્રાહકો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. નેટવર્કની ખરાબી અંગે ધોરાજી બીએસએનએલ ઓફિસનો સંપર્ક કરતાં ત્યાં હાજર એકમાત્ર કર્મચારીએ જણાવ્યું હતું કે નેટવર્કની સમસ્યા રાજકોટ ઓફિસથી છે અને તેમની ઓફિસમાં આ અંગે કોઈ ફરિયાદ સાંભળવામાં આવતી નથી. તેમણે વધુમાં જણાવ્યું કે ધોરાજીમાં ઓફિસરની જગ્યા ખાલી છે અને ઉપલેટાના અધિકારી ચાર્જમાં છે, તેથી ફરિયાદ ત્યાં કરવી જોઈએ. જ્યારે ઉપલેટા ઓફિસના અધિકારીનો સંપર્ક કરવામાં આવ્યો ત્યારે તેમણે બીએસએનએલના નેટવર્ક માટે પોતાની જવાબદારી ન હોવાનું જણાવીને રાજકોટ ઓફિસમાં ફરિયાદ કરવાનું કહ્યું હતું. ધોરાજીમાં તાજેતરમાં ચર્ચામાં રહેલા થાંભલા પ્રકરણમાં પણ અધિકારીઓએ મૌન ધારણ કરી લીધું છે અને હવે ગ્રાહકલક્ષી સેવામાં પણ તેઓ ઉદાસીન વલણ દાખવી રહ્યા હોવાનું ગ્રાહકો જણાવી રહ્યા છે. ગ્રાહકોનો આક્ષેપ છે કે અધિકારીઓ ગ્રાહકો, નગરજનો કે સરકારને પણ ગણકારતા નથી. ટેલિકોમ વિભાગના આવા જવાબોથી ગ્રાહકોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે.

# દીવથી શાકભાજીની આડમાં લવાતો લાખોનો ઈંગ્લિશ દારૂ ઝડપાયો

ઉના, તા.૧૦



ગીર સોમનાથ ક્રાઈમ બ્રાન્ચે ઉના નજીક દેલવાડા રોડ પર એક સફળ ઓપરેશન પાર પાડી કેન્દ્રશાસિત પ્રદેશ દીવથી શાકભાજીની આડમાં બોલેરો પીકઅપ ગાડીમાં લવાતો ઈંગ્લિશ દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસે ઘટનાસ્થળેથી ૪૪૫૭ બોટલ ઈંગ્લિશ દારૂ અને બોલેરો પીકઅપ સહિત કુલ ત્રણ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ સાથે જ પોલીસે અરવિંદ ઉર્ફે બકાલી નામના એક આરોપીની પણ ધરપકડ કરી છે. ક્રાઈમ બ્રાન્ચને બાતમી મળી હતી કે દીવ તરફથી એક બોલેરો પીકઅપ ગાડીમાં શાકભાજીની આડમાં ઈંગ્લિશ દારૂનો જથ્થો ઉના તરફ આવી રહ્યો છે. આ બાતમીના આધારે ક્રાઈમ બ્રાન્ચે દેલવાડા રોડ પર વોચ ગોઠવી હતી. દરમિયાન, દીવ તરફથી આવતી એક બોલેરો પીકઅપ ગાડીને અટકાવીને તપાસ કરતાં તેમાંથી શાકભાજીના કેરેટમાં છુપાવેલો ઈંગ્લિશ દારૂનો મોટો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરીને ગાડીમાં સવાર અરવિંદ ઉર્ફે બકાલીની ધરપકડ કરી હતી. પોલીસે ગણતરી કરતાં કુલ ૪૪૫૭ બોટલ ઈંગ્લિશ દારૂ મળી આવ્યો હતો. પોલીસે દારૂ અને બોલેરો પીકઅપ ગાડી સહિત કુલ ત્રણ લાખથી વધુનો મુદ્દામાલ કબજે કરીને આરોપી વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ ઘટનાને પગલે વિસ્તારમાં ચકચાર મચી જવા પામી છે.


## ઘાણલા ગ્રામ પંચાયત કચેરી, તા.સાવરકુંડલા

**જાહેર નિવિદા**

આથી રસ ધરાવનાર તમામ વેપારી - આસામીઓને જાણ કરવામાં આવે છે કે, વર્ષ ૨૦૨૫/૨૬ માટે ઘાણલા ગ્રામ પંચાયત દ્વારા ૧૫ માં નાણાપંચ હેઠળ વિકાસના કામો તેમજ ૧૫% વિવેકાધીન, સાંસદ, એમ.એલ.એ. યોજના, એ.ટી.વી.ટી. યોજના અન્ય તમામ ગ્રાન્ટો તથા સ્વભંડોળમાંથી કામો કરવાના થતા હોય નીચેની વિગતેના માલ-સામાન મંજુરીના ભાવ ગ્રા.પંચાયત કચેરી ઘાણલા ગ્રામ પંચાયત ખાતે જાહેર નિવિંદા પ્રસિધ્ધ થયાથી દિન-૭ માં રૂબરૂ અથવા પોસ્ટથી પહોંચતા કરવા જાણ કરવામાં આવે છે. નીચે મુજબના માલસામાનના ભાવો ૩૧-૦૩-૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

૧. LED લાઈટ ૨૪ વોલ્ટથી ૧૨૦ વોલ્ટ પોલ સાથે અને પોલ વગર હાઈ પોલ સાથે નંગ-૧. ભાવ રૂા...
૨. પેવર બ્લોક 60 MM થી 80 MM એક ફૂટ, એક ચો.મી. તથા એક બ્રાસના ભાવ રૂા...
૩. તમામ સાઈઝના રસો - પાઈપ તેમજ તમામ સાઈઝના પીવીસી પાઈપ મીટર એક ના ભાવ રૂા...
૪. લોખંડ I.S.I. બ્રાન્ડના 5 MM થી 20 MM ૨૦ કિ. ગ્રામનાં ભાવ રૂા...
૫. રેતી ચાળેલી ચોખ્ખી એક ઘન મીટર તથા એક ફેરાના ભાવ રૂા...
૬. બેલા / પથ્થર / ઈંટ તથા પાપડા નંગ - ૧ નો ભાવ તથા ટોળા ફેરા - ૧ નો ભાવ રૂા...
૭. I.S.I. સારી કંપનીની સિમેન્ટ થેલી - ૧ ના ભાવ રૂા....
૮. કપચી 6 MM થી 20 MM. 40 MM ૧ મે. ટન / ૧ બ્રાસ / ૧ ફેરાનો ભાવ રૂા...
૯. માટી, મોરમ, મેટલ એક ફેરાના ભાવ રૂા...
૧૦. તમામ કામની મજુરીના ભાવ રૂા...
૧૧. ઘન કચરાના નિકાલના / સ્વચ્છતાના સાધનો તરીકે દરેક સાઈઝના ડસ્ટબીન તથા અન્ય દરેક આઈટમ નંગ - ૧ નો ભાવ તથા ડોર ટુ ડોર કલેકશન માટે સાઈકલ / ઈ-રીક્ષા / ટ્રાઈસીકલ / કન્ટેનર / ટ્રેક્ટર / ટ્રેક્ટર ટ્રોલી તથા ફોકીંગ મશીન વગેરે નંગ - ૧ નો ભાવ રૂા...
૧૨. બારી દરવાજા એક ચો.મી. / એક નંગનો ભાવ રૂા...
૧૩.ગ્રીલ (જાળી) માટેનું લોખંડ ૧ કિ.ગ્રા. ના ભાવ રૂા...
૧૪. વટ્રીફાઈડ ટાઈલ્સ ૧ ચો.મી.ના ભાવ રૂા...
૧૫. ડિસ્ટેમ્પર (કલર) ૧ લીટર ભાવ રૂા...
૧૬. લાઈટીંગ (ઈલેકટ્રીક) કામ જોબવર્ક ભાવ રૂા...
૧૭. વોટર સપ્લાયર કામ જોબવર્ક ભાવ રૂા...
૧૮. આઈ.એસ.આઈ. માર્કવાળા ગેલ્વેનાઈઝ ભાવ તથા તમામ સાઈઝ માટેના ભાવ રૂા...
૧૯. BIB TAP તથા પાણી ફીટીંગ માલ સામાનના બધા જ ભાવ રજુ કરવા...
૨૦. HDP પાણીની પાઈપલાઈન, ખોદાણ, બુરાણ, ફીટીંગનો ૧ મી.નો ભાવ રૂા...
૨૧. 300 MM D પાઈપ ૧ મીટર નો ભાવ રૂા...
૨૨. 450 X 450 X 775 MM ચેમ્બરનો ભાવ રૂા...
૨૩. ગટરલાઈન ખોદાણ બુરાણ ફીટીંગ ૧ મીટરનો ભાવ રૂા...
૨૪. પાણીનો બોર ક્રસીંગ પાઈપ સાથે ૧ મીટરનો ભાવ સાથે...
૨૫. કુવાનું ખોદાણ કામ મજુરીના ભાવ રૂા...
૨૬. ઈલેકટ્રીક પાણીની મોટર ISI 5HP, 3HP, 7HP, 1HP, 2HP 1.5HP. 10HP ફીટીંગ માલસામન સાથેનો ભાવ ફીટીંગ કીટ સાથે નો ભાવ તથા સેન્સર સિસ્ટમનો ભાવ રૂા...
૨૩, પાણીનો ISI પ્લાસ્ટીકનો ટાંકો ૧ લીટરનો ભાવ રૂા...
૨૮. ભરડીયાનો પાવડર તથા ગ્રીટ એક ફેરાના ભાવ રૂા...
૨૯. જે.સી.બી. ખોદાણ બુરાણનો એક કલાકનો તથા દિન-૧ મીક્ષર ભાડાનો ભાવ રૂા...
૩૦. ગટરલાઈન તથા પાણીની લાઈન માટે સિમેન્ટના તમામ સાઈઝના પાઈપનો ૧ મી.નો ભાવ રૂા...
૩૧. ફર્નિચર, ઓફીસ ફર્નિચર ટેબલ, ખુરશી, કબાટ, સ્ટેશનરી વિગેરેનો ભાવ રૂા...
૩૨. આઈ.એસ.આઈ. કમ્પ્યુટર સેટના ભાવ રૂા...
૩૩. આઈ.એસ.આઈ. (ઈલેક્ટ્રીક) તમામ માલ સામાનનો ભાવ રૂા...
૩૪. ચાઈના મોજેક (ફલોરીંગ) ના માલ સામાનનાં ૧ બ્રાસનો ભાવ રૂા...
૩૫. સી.સી.ટી.વી. કેમેરા, સાઉન્ડ સિસ્ટમ, પ્રોજેક્ટર સિસ્ટમ તથા વાઈફાઈ તથા ઈન્વર્ટર સિસ્ટમનો કમ્પલીટ ભાવ રૂા...
૩૬. R.O. વોટર પ્લાન્ટ નંગ - ૧ નો ભાવ રૂા...
૩૭. બેસવા માટેના બાંકડા નંગ - ૧ નો ભાવ રૂા...
૩૮. ગેલ્વેનાઈઝ પતરા / સિમેન્ટના પતરા - ૧ ચો.મી. નો ભાવ રૂા...
૩૯. પા.પૂ. રિપેરીંગ તથા ગટર રિપરીંગ કામ મજુરીના ભાવ રૂા...
૪૦. પાણીના વાલ્વ તમામ સાઈઝના નંગ - ૧ નો ભાવ રૂા...
૪૧. વ્હાઈટ સિમેન્ટ ૧ કિ.ગ્રા.નો ભાવ રૂા...
૪૨. તકતી એક નંગ ભાવ રૂા...
૪૩. પાણીનું ટેન્કર દિન એકનું ભાડુ રૂા....
૪૪. કચેરી લગત તમામ સ્ટેશનરીના ભાવ રૂા...
૪૫. પી.વી.સી. ગટર લાઈન પાઈપ 4 MM થી 16 MM સુધીનો ભાવ રૂા...

ઉપર મુજબની વિગતોના ભાવ મંજુર / નામંજુર કરવાના અધિકારો નીચે સહી કરનારને રહેશે. જેની જાણ કરવામાં આવે છે કે તેમજ આ ભાવો સાઈડ ઉપર પહોંચતા કરવાના તથા ટેક્ષ સાથેના આપવાના રહેશે. નોંધ : (૧) જાહેરાત પ્રસિધ્ધ થયાથી સાત દિવસની અંદર ભાવ ગ્રામ પંચાયત દ્વારા ખોલવામાં આવશે. (૨) ઉપરોક્ત ભાવ મંજુર થયેલ જે તે એજન્સીને જાણ કરતા વધુમાં વધુ ૩ દિવસની અંદર માલ સામાન મટીરીયલ્સ પહોંચતુ કરવાનું રહેશે. અન્યથા જે તે એજન્સી આપોઆપ રદ ગણી તેની પછીનો ભાવ મંજુર કરવામાં આવશે. (૩) બીડમાં સરખા ભાવ બીડમાં પડતા તમામ ભાવ મંજુર કરવાની સતા ગ્રામ પંચાયતની રહેશે. (૪) તમામ માલ સામાન મટીરીયલ્સનું બીલ કામ પુર્ણ થયે અથવા તો બીલ મંજુર થયા બાદ પેમેન્ટ ચુકવવામાં આવશે.

**તલાટી કમ મંત્રીશ્રી** ઘાણલા ગ્રામ પંચાયત તા.સાવરકુંડલા

**સરપંચશ્રી** ઘાણલા ગ્રામ પંચાયત તા.સાવરકુંડલા


# ગીર સોમનાથ જિલ્લામાં આરોગ્ય વિભાગ દ્વારા વિશ્વ આરોગ્ય દિવસની ઉજવણી કરાઈ

ઉના, તા.૧૦



**આરોગ્ય કેન્દ્ર અને શાળામાં બાળકોને આરોગ્ય જાગૃતિ વિશે માહિતીગાર કર્યા**

ગીર સોમનાથ જિલ્લામાં આરોગ્ય વિભાગ દ્વારા જિલ્લાના પેટા કેન્દ્ર અને વિવિધ શાળાઓમાં આરોગ્ય દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ દરમિયાન બાળકોને આરોગ્યની જાગૃતિ અંગે માહિતીગાર કર્યા અને વિશ્વ આરોગ્ય દિવસની ઉજવણી કરી હતી. ગીર સોમનાથ જિલ્લામાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. પી.એન. બરુઆના માર્ગદર્શન હેઠળ વિશ્વ આરોગ્ય દિવસ નિમિત્તે જિલ્લાના તમામ પેટા આરોગ્ય કેન્દ્ર ખાતે આરોગ્ય દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં આરોગ્ય વિભાગના કર્મચારીઓ દ્વારા લોકોને આરોગ્યલક્ષી જાણકારી આપી હતી. આ કાર્યક્રમમાં અસંખ્ય લોકો જોડાયા હતા.

# ભુરખીયા હનુમાનજી પદયાત્રામાં જસદણ-રાજકોટના ભાવિકો દ્વારા શુક્રવારે મહાપ્રસાદ કેમ્પ યોજાશે

અમરેલી, તા.૧૦

હનુમાન જયંતીની પૂર્વ સંધ્યાએ અમરેલી જિલ્લાના પ્રસિદ્ધ ભુરખીયા હનુમાનજી મંદિરે જતા લાખો પદયાત્રિકો માટે જસદણ અને રાજકોટના ભાવિકો દ્વારા આજરોજ, તા. ૧૧-૪-૨૦૨૫ને શુક્રવારે સાંજે મહાપ્રસાદ ભોજન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. સાગરભાઈ મધુભાઈ દોશી, મિતેષભાઈ કિશોરભાઈ કલ્યાણી સહિતના ભાવિકો દ્વારા અમરેલી-લાઠી રોડ પર, ભુરખીયા હનુમાનજી મંદિરથી ૮ કિમી દૂર બીએનડી એનર્જી પ્રાઈવેટ લિમિટેડ પાસે આ કેમ્પ યોજાશે. અહીં પદયાત્રિકો માટે ઠંડા ગોલા, કેરીનો રસ, ગરમાગરમ પરોઠા, શાક, ઢોકળા, ખીચડી, ઠંડી સોડા અને તરબૂચનો વિનામૂલ્યે પ્રસાદ આપવામાં આવશે. કેમ્પ સ્થળે હનુમાન દાદાને છપ્પનભોગ ધરાવાશે અને ભવ્ય આરતીનું પણ આયોજન કરાયું છે. આયોજકોએ તમામ પદયાત્રિકોને આ મહાપ્રસાદનો લાભ લેવા ભાવભર્યું આમંત્રણ પાઠવ્યું છે.

# નવાબંદર મરીન પોલીસ સ્ટેશનના સૈયદ રાજપરા ગામે ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલાયો

ઉના, તા.૧૦



ઉના તાલુકાના દરિયા કાંઠા વિસ્તારના સૈયદ રાજપરા ગામે રહેણાકીય મકાનમાંથી બે દિવસ પૂર્વે સોના-ચાંદીના દાગીના અને રોકડ રકમ સહિત રુ. ૪ લાખની મત્તાની ચોરી થયેલ. આ અંગેનો ગુનો નવાબંદર મરીન પોલીસ સ્ટેશને નોંધાયેલ હતો. ગીર સોમનાથ જિલ્લા એલ.સી.બી.ના ઈન્ચાર્જ પીઆઈ એ. બી. જાડેજાના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ એ.સી. સિંધવ તથા તેમની ટીમે તપાસ હાથ ધરી હતી. આ દરમિયાન રાજુભાઈ ગઢીયા સહિતની ટીમે મળેલી બાતમીના આધારે એક મહિલા અને અન્ય યુવકને મુદ્દામાલ સાથે પકડી પાડ્યા હતા. ઘરફોડ થયેલ મકાનની બાજુમાં રહેતી યુવતી સમજુબેન વરજાંગ રાઠોડે ઘરે કોઈ ના હોય ત્યારે ઘરમાં પ્રવેશી નકુચા તોડી ચોરી કરી હતી.

# વેરાવળ ખાતે નાગરોના ઈષ્ટદેવ હાટકેશ્વર મહાદેવનો આજે પ્રાગટ્યોત્સવ ઉજવાશે

પ્રભાસપાટણ, તા.૧૦

ચૈત્ર સુદ ચતુર્દશી એટલે ભગવાન શ્રી હાટકેશ્વર મહાદેવનો પ્રાગટ્યોત્સવ, સ્કંદપુરાણના નાગર ખંડમાં આ અંગે સવિસ્તર કથા આલેખાઈ છે. શ્રી હાટકેશ્વર પ્રાગટયદિવસની વેરાવળ વડનગરા જ્ઞાતિ ટ્રસ્ટ દ્વારા તા.૧૧ના ઉજવણી થશે. તેમાં સવારે ૧૦.૩૦ વાગ્યે ઈષ્ટદેવ પૂજન, ૧ વાગ્યે રાજભોગ થાળ સાંજે ૩.૩૦ વાગ્યે સાયં આરતી યોજાશે. જયારે પ્રભાસ પાટણમાં સાંજે ૭ વાગ્યે મહાઆરતી યોજાશે. સોમનાથ-પ્રભાસ-પાટણમાં મેઈન બજાર જતા રસ્તે ઠાકોર મંદિર પરિસર પટાંગણમાં આવેલાં પ્રાચીન હાટકેશ્વર મહાદેવ મંદિરના નંદીની વિશિષ્ટતા એ છે કે તેની પ્રતિમાનું મુખ શિવલિંગ તરફ નહીં પરંતુ જમણી બાજુ મુખ નીચે વળેલી હાલતમાં છે. આમ કેમ છે તેનો કોઈ ઈતિહાસ તો મળતો નથી પરંતુ સૌ પોતાના ભાવ મુજબ અનુમાન કરે છે. કેટલાક કહે છે કે નંદી પરિવારમાં જેમ સ્નેહથી કોઈ સભ્ય રીસાય તેમ રીસાયેલ છે.


## સેંજળ ગ્રામ પંચાયત કચેરી, તા.સાવરકુંડલા

**જાહેર નિવિદા**

આથી રસ ધરાવનાર તમામ વેપારી - આસામીઓને જાણ કરવામાં આવે છે કે, વર્ષ ૨૦૨૫/૨૬ માટે સેંજળ ગ્રામ પંચાયત દ્વારા ૧૫ માં નાણાપંચ હેઠળ વિકાસના કામો તેમજ ૧૫% વિવેકાધીન, સાંસદ, એમ.એલ.એ. યોજના, એ.ટી.વી.ટી. યોજના અન્ય તમામ ગ્રાન્ટો તથા સ્વભંડોળમાંથી કામો કરવાના થતા હોય નીચેની વિગતેના માલ-સામાન મંજુરીના ભાવ ગ્રા.પંચાયત કચેરી સેંજળ ગ્રામ પંચાયત ખાતે જાહેર નિવિંદા પ્રસિધ્ધ થયાથી દિન-૭ માં રૂબરૂ અથવા પોસ્ટથી પહોંચતા કરવા જાણ કરવામાં આવે છે. નીચે મુજબના માલસામાનના ભાવો ૩૧-૦૩-૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

૧. LED લાઈટ ૨૪ વોલ્ટથી ૧૨૦ વોલ્ટ પોલ સાથે અને પોલ વગર હાઈ પોલ સાથે નંગ-૧. ભાવ રૂા...
૨. પેવર બ્લોક 60 MM થી 80 MM એક ફૂટ, એક ચો.મી. તથા એક બ્રાસના ભાવ રૂા...
૩. તમામ સાઈઝના રસો - પાઈપ તેમજ તમામ સાઈઝના પીવીસી પાઈપ મીટર એક ના ભાવ રૂા...
૪. લોખંડ I.S.I. બ્રાન્ડના 5 MM થી 20 MM ૨૦ કિ. ગ્રામનાં ભાવ રૂા...
૫. રેતી ચાળેલી ચોખ્ખી એક ઘન મીટર તથા એક ફેરાના ભાવ રૂા...
૬. બેલા / પથ્થર / ઈંટ તથા પાપડા નંગ - ૧ નો ભાવ તથા ટોળા ફેરા - ૧ નો ભાવ રૂા...
૭. I.S.I. સારી કંપનીની સિમેન્ટ થેલી - ૧ ના ભાવ રૂા....
૮. કપચી 6 MM થી 20 MM. 40 MM ૧ મે. ટન / ૧ બ્રાસ / ૧ ફેરાનો ભાવ રૂા...
૯. માટી, મોરમ, મેટલ એક ફેરાના ભાવ રૂા...
૧૦. તમામ કામની મજુરીના ભાવ રૂા...
૧૧. ઘન કચરાના નિકાલના / સ્વચ્છતાના સાધનો તરીકે દરેક સાઈઝના ડસ્ટબીન તથા અન્ય દરેક આઈટમ નંગ - ૧ નો ભાવ તથા ડોર ટુ ડોર કલેકશન માટે સાઈકલ / ઈ-રીક્ષા / ટ્રાઈસીકલ / કન્ટેનર / ટ્રેક્ટર / ટ્રેક્ટર ટ્રોલી તથા ફોકીંગ મશીન વગેરે નંગ - ૧ નો ભાવ રૂા...
૧૨. બારી દરવાજા એક ચો.મી. / એક નંગનો ભાવ રૂા...
૧૩.ગ્રીલ (જાળી) માટેનું લોખંડ ૧ કિ.ગ્રા. ના ભાવ રૂા...
૧૪. વટ્રીફાઈડ ટાઈલ્સ ૧ ચો.મી.ના ભાવ રૂા...
૧૫. ડિસ્ટેમ્પર (કલર) ૧ લીટર ભાવ રૂા...
૧૬. લાઈટીંગ (ઈલેકટ્રીક) કામ જોબવર્ક ભાવ રૂા...
૧૭. વોટર સપ્લાયર કામ જોબવર્ક ભાવ રૂા...
૧૮. આઈ.એસ.આઈ. માર્કવાળા ગેલ્વેનાઈઝ ભાવ તથા તમામ સાઈઝ માટેના ભાવ રૂા...
૧૯. BIB TAP તથા પાણી ફીટીંગ માલ સામાનના બધા જ ભાવ રજુ કરવા...
૨૦. HDP પાણીની પાઈપલાઈન, ખોદાણ, બુરાણ, ફીટીંગનો ૧ મી.નો ભાવ રૂા...
૨૧. 300 MM D પાઈપ ૧ મીટર નો ભાવ રૂા...
૨૨. 450 X 450 X 775 MM ચેમ્બરનો ભાવ રૂા...
૨૩. ગટરલાઈન ખોદાણ બુરાણ ફીટીંગ ૧ મીટરનો ભાવ રૂા...
૨૪. પાણીનો બોર ક્રસીંગ પાઈપ સાથે ૧ મીટરનો ભાવ સાથે...
૨૫. કુવાનું ખોદાણ કામ મજુરીના ભાવ રૂા...
૨૬. ઈલેકટ્રીક પાણીની મોટર ISI 5HP, 3HP, 7HP, 1HP, 2HP 1.5HP. 10HP ફીટીંગ માલસામન સાથેનો ભાવ ફીટીંગ કીટ સાથે નો ભાવ તથા સેન્સર સિસ્ટમનો ભાવ રૂા...
૨૩, પાણીનો ISI પ્લાસ્ટીકનો ટાંકો ૧ લીટરનો ભાવ રૂા...
૨૮. ભરડીયાનો પાવડર તથા ગ્રીટ એક ફેરાના ભાવ રૂા...
૨૯. જે.સી.બી. ખોદાણ બુરાણનો એક કલાકનો તથા દિન-૧ મીક્ષર ભાડાનો ભાવ રૂા...
૩૦. ગટરલાઈન તથા પાણીની લાઈન માટે સિમેન્ટના તમામ સાઈઝના પાઈપનો ૧ મી.નો ભાવ રૂા...
૩૧. ફર્નિચર, ઓફીસ ફર્નિચર ટેબલ, ખુરશી, કબાટ, સ્ટેશનરી વિગેરેનો ભાવ રૂા...
૩૨. આઈ.એસ.આઈ. કમ્પ્યુટર સેટના ભાવ રૂા...
૩૩. આઈ.એસ.આઈ. (ઈલેક્ટ્રીક) તમામ માલ સામાનનો ભાવ રૂા...
૩૪. ચાઈના મોજેક (ફલોરીંગ) ના માલ સામાનનાં ૧ બ્રાસનો ભાવ રૂા...
૩૫. સી.સી.ટી.વી. કેમેરા, સાઉન્ડ સિસ્ટમ, પ્રોજેક્ટર સિસ્ટમ તથા વાઈફાઈ તથા ઈન્વર્ટર સિસ્ટમનો કમ્પલીટ ભાવ રૂા...
૩૬. R.O. વોટર પ્લાન્ટ નંગ - ૧ નો ભાવ રૂા...
૩૭. બેસવા માટેના બાંકડા નંગ - ૧ નો ભાવ રૂા...
૩૮. ગેલ્વેનાઈઝ પતરા / સિમેન્ટના પતરા - ૧ ચો.મી. નો ભાવ રૂા...
૩૯. પા.પૂ. રિપેરીંગ તથા ગટર રિપરીંગ કામ મજુરીના ભાવ રૂા...
૪૦. પાણીના વાલ્વ તમામ સાઈઝના નંગ - ૧ નો ભાવ રૂા...
૪૧. વ્હાઈટ સિમેન્ટ ૧ કિ.ગ્રા.નો ભાવ રૂા...
૪૨. તકતી એક નંગ ભાવ રૂા...
૪૩. પાણીનું ટેન્કર દિન એકનું ભાડુ રૂા....
૪૪. કચેરી લગત તમામ સ્ટેશનરીના ભાવ રૂા...
૪૫. પી.વી.સી. ગટર લાઈન પાઈપ 4 MM થી 16 MM સુધીનો ભાવ રૂા...

ઉપર મુજબની વિગતોના ભાવ મંજુર / નામંજુર કરવાના અધિકારો નીચે સહી કરનારને રહેશે. જેની જાણ કરવામાં આવે છે કે તેમજ આ ભાવો સાઈડ ઉપર પહોંચતા કરવાના તથા ટેક્ષ સાથેના આપવાના રહેશે. નોંધ : (૧) જાહેરાત પ્રસિધ્ધ થયાથી સાત દિવસની અંદર ભાવ ગ્રામ પંચાયત દ્વારા ખોલવામાં આવશે. (૨) ઉપરોક્ત ભાવ મંજુર થયેલ જે તે એજન્સીને જાણ કરતા વધુમાં વધુ ૩ દિવસની અંદર માલ સામાન મટીરીયલ્સ પહોંચતુ કરવાનું રહેશે. અન્યથા જે તે એજન્સી આપોઆપ રદ ગણી તેની પછીનો ભાવ મંજુર કરવામાં આવશે. (૩) બીડમાં સરખા ભાવ બીડમાં પડતા તમામ ભાવ મંજુર કરવાની સતા ગ્રામ પંચાયતની રહેશે. (૪) તમામ માલ સામાન મટીરીયલ્સનું બીલ કામ પુર્ણ થયે અથવા તો બીલ મંજુર થયા બાદ પેમેન્ટ ચુકવવામાં આવશે.

**તલાટી કમ મંત્રીશ્રી** સેંજળ ગ્રામ પંચાયત તા.સાવરકુંડલા

**સરપંચશ્રી** સેંજળ ગ્રામ પંચાયત તા.સાવરકુંડલા

# નીતિન ગડકરીએ મધ્યપ્રદેશને ૫૮૦૦ કરોડ રૂપિયાની ભેટ આપી, ૧૦ રાષ્ટ્રીય રાજમાર્ગનું ઉદ્ઘાટન

(એચ.એસ.એલ),ધાર,તા.૧૦

કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ ૧૦ એપ્રિલના રોજ મધ્યપ્રદેશને એક મોટી ભેટ આપી છે. તેમણે ધાર જિલ્લાના બદનાવરમાં ૫,૮૦૦ કરોડ રૂપિયાથી વધુના ૧૦ રાષ્ટ્રીય રાજમાર્ગ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો. આ પ્રસંગે તેમણે કહ્યું કે માત્ર ૨ વર્ષમાં હું મધ્યપ્રદેશના રસ્તાઓને અમેરિકાના રસ્તા જેવા બનાવીશ. કાર્યક્રમમાં મુખ્યમંત્રી



ડૉ. મોહન યાદવની પ્રશંસા કરતા તેમણે કહ્યું કે મુખ્યમંત્રી ડૉ. યાદવના નેતૃત્વમાં મધ્યપ્રદેશ સતત વિકાસ કરી રહ્યું છે. આ જોઈને સારું લાગે છે. વાસ્તવમાં, કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરી ગુરુવારે ધારના બદનાવર પહોંચ્યા હતા. સભાને સંબોધતા તેમણે કહ્યું કે મને ખૂબ આનંદ છે કે મધ્યપ્રદેશ ખૂબ જ ઝડપથી વિકાસ કરી રહ્યું છે. કોઈપણ દેશના વિકાસ માટે ચાર બાબતો મહત્વપૂર્ણ છે. આપણે આને માળખાગત સુવિધાઓ કહીએ છીએ. આમાં પાણી, વીજળી, પરિવહન અને સંદેશાવ્યવહારનો સમાવેશ થાય છે. જ્યાં પણ આ ચાર બાબતો અસ્તિત્વમાં છે, ત્યાં ઉદ્યોગ અને વેપારનો વિકાસ થાય છે અને રોજગાર ઉપલબ્ધ થાય છે. જ્યાં રોજગાર ઉપલબ્ધ હોય છે, ત્યાં ગરીબી, ભૂખમરો અને બેરોજગારી દૂર થાય છે.

# કેનેડાના રાજકારણમાં પાટીદારોનો પ્રવેશ : આ વખતે પહેલીવાર ગુજરાતી ઉમેદવારો ચૂંટણી લડશે

અમદાવાદ,તા.૧૦

કેનેડામાં ઓક્ટોબરમાં થનારી સામાન્ય ચૂંટણી હવે એપ્રિલના અંતમાં થશે. લિબરલ પાર્ટીના નેતા અને પીએમ માર્ક કાર્નીએ આ ફેરફાર કથિત રીતે ડોનાલ્ડ ટ્રમ્પના કારણે ડગુમગુ થયેલી વ્યવસ્થાને સંભાળવા માટે કર્યો છે. ખાસ વાત એ છે કે આ વખતે ચૂંટણીમાં પહેલીવાર ગુજરાતી ઉમેદવારો પણ મેદાનમાં ઉતર્યા છે. સવાલ એ છે કે કેનેડાના પોલિટિક્સમાં નવા ઉમેદવારો માટે કેટલો સ્કોપ છે? શું તેમની પાસે પહેલેથી જ મસમોટી વોટબેંક છે, જે મહિનાના અંતમાં તેમને મદદ કરશે? રિપોર્ટ મુજબ આ ઉમેદવારોમાંથી ૨ ઉમેદવાર



પાર્ટી તરફથી જ્યારે બે ઉમેદવાર અપક્ષ ચૂંટણી લડી રહ્યા છે. જયેશ બ્રહ્મભટ્ટ વર્ષ ૨૦૦૧માં ભારતથી કેનેડા ગયા હતા. વ્યવસાયે સિવિલ એન્જિનિયર હવે રિયલ એસ્ટેટ કારોબારી છે. તેઓ પીપલ્સ પાર્ટીથી ચૂંટણી લડશે. જ્યારે સંજીવ રાવલ લિબરલ પાર્ટી તરફથી ચૂંટણી લડશે. તાંન્ઝાનિયામાં જન્મેલા સંજીવ ૨૦ વર્ષ કરતા વધુ સમયથી કેનેડામાં છે અને તેમના અનેક સ્ટોર છે. રાવલ કેનેડામાં રહેતા મિડલ ક્લાસના ભારતીયો સાથે જોડાયેલા છે. અશોક પટેલ અને મિનેશ પટેલ બંને વેપારીઓ છે અને સ્વતંત્ર રીતે ચૂંટણી લડશે. તેઓ સામાજિક સહકારોથી જોડાયેલા રહ્યા પરંતુ રાજકારણમાં બંનેનું આ પહેલું ડગલું છે. તેમનું ચૂંટણીના મેદાનમાં ઉતરવું એ કેનેડાની રાજનીતિને નજીકથી જોતા લોકો માટે ચોંકાવનારું નથી. કારણ કે આ દેશમાં એક લાખથી વધુ ગુજરાતીઓ છે, જેમાંથી મોટાભાગના સફળ વેપારી છે.

# દિલ્હીના મુખ્યમંત્રી સામે વિરોધ કરી રહેલી સપાની મહિલા નેતાઓ સામે ફરિયાદ

(એચ.એસ.એલ),લખનૌ,તા.૧૦

સમાજવાદી પાર્ટી મહિલા સભાના રાષ્ટ્રીય અધ્યક્ષ જુહી સિંહની મુશ્કેલીઓ વધી ગઈ છે. જુહી સિંહ, સુમૈયા રાણા, પાયલ કિન્નર સહિત ૨૦ થી ૨૫ મહિલા નેતાઓ સામે કેસ નોંધવામાં આવ્યો છે. આ તમામ મહિલા નેતાઓએ દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તા સામે વિરોધ પ્રદર્શન કર્યું હતું. સપાના મહિલા નેતાઓ પર ટ્રાફિક વ્યવસ્થા અને સરકારી કામમાં ખલેલ પહોંચાડવાનો આરોપ છે. દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ અખિલેશ યાદવ અંગે વિવાદાસ્પદ નિવેદન આપ્યું હતું.

રેખા ગુપ્તાએ સપા વડાને ટેપ ચોર કહ્યા હતા. તેમના આ નિવેદનનો સપાના મહિલા નેતાઓએ વિરોધ કર્યો હતો. આ કેસમાં સચિવાલય ચોકીના ઈન્ચાર્જ બાગેશ શર્માની ફરિયાદ પર કેસ નોંધવામાં આવ્યો હતો.

# જમ્મુ અને કાશ્મીરમાં અલગતાવાદી રાજકારણનો યુગ તેના અંતિમ શ્વાસ લઈ રહ્યો છે : અમિત શાહ

શ્રીનગર,તા.૧૦

ગૃહમંત્રી અમિત શાહની ત્રણ દિવસની મુલાકાતે વધુ પુષ્ટિ આપી કે જમ્મુ અને કાશ્મીરમાં અલગતાવાદી રાજકારણનો યુગ તેના અંતિમ શ્વાસ લઈ રહ્યો છે. શ્રીનગરમાં શાહના આગમન પહેલાં, રાત્રે ત્રણ અલગતાવાદી સંગઠનોએ હુર્રિયતથી અલગ થવાની જાહેરાત કરી. ગૃહમંત્રીએ બીજા જ દિવસે આના પર પ્રતિક્રિયા આપી અને તેને ભારતીય બંધારણમાં ખીણના લોકોની વધતી શ્રદ્ધા તરીકે વર્ણવ્યું. જોકે, રાજકીય વિશ્લેષકો તેને વિશ્વાસનો અભાવ, તકવાદ, બદલાતી રાજનીતિ અને પડોશી દેશની ગરીબીનું પરિણામ માની રહ્યા છે. સ્થાનિક સપોર્ટ સિસ્ટમ એટલે કે ઓવરગ્રાઉન્ડ વર્કર્સના નેટવર્કને તોડવામાં સુરક્ષા એજન્સીઓની સફળતાને કારણે તેઓ પણ ગભરાટની સ્થિતિમાં છે. શાહ ૬ એપ્રિલે જમ્મુ પહોંચ્યા



હતા. નિર્ધારિત કાર્યક્રમોમાં, તેઓ કઠુઆમાં ઝીરો લાઈન પર સુરક્ષા વ્યવસ્થાનું નિરીક્ષણ કરવા ગયા હતા અને આતંકવાદીઓ સામે દેખરેખ વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવાનો સંદેશ પણ આપ્યો હતો. તે ૭ એપ્રિલની સાંજે કાશ્મીર પહોંચી ગયા હતા. સવારે તેમને સુરક્ષા અંગે એક બેઠક યોજવાની હતી. વહેલી રાત્રે, ત્રણ વધુ સંગઠનો - જમ્મુ એન્ડ કાશ્મીર ઈસ્લામિક પોલિટિકલ પાર્ટી, જમ્મુ એન્ડ કાશ્મીર મુસ્લિમ ડેમોક્રેટિક લીગ અને કાશ્મીર ફ્રીડમ ફ્રન્ટ - એ હુર્રિયતથી અલગ થવાની જાહેરાત કરી હતી.

# દિલ્હીવાસીઓને બેવડો માર : ગરમીની સાથે વીજકાપથી લોકો પરેશાન

નવીદિલ્હી,તા.૧૦

હજુ એપ્રિલ મહિનો ચાલુ છે અને રાજધાની દિલ્હીમાં તાપમાન ૪૧ ડિગ્રીને પાર કરી ગયું છે. જે બાદ દિલ્હીમાં વીજળી કાપ છે અને આ વીજળી કાપથી રાજકીય ગરમી પણ વધી ગઈ છે. વિપક્ષ આ માટે નવી દિલ્હી સરકારને દોષી ઠેરવી રહ્યું છે. ગરમીએ સમગ્ર દેશમાં હાહાકાર મચાવ્યો છે, જ્યારે તેના કારણે થતા વીજળી કાપથી મુશ્કેલીમાં વધુ વધારો થયો છે. આબોહવા પરિવર્તને માત્ર ભારતમાં જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં આવી પરિસ્થિતિનું નિર્માણ કર્યું છે. આ ઉનાળામાં ખાડી દેશ કુવૈતની પણ હાલત ખરાબ છે.કુવૈતમાં ગરમી વધવાની સાથે વીજળીનો વપરાશ પણ વધ્યો છે, જે દેશના હાલના વીજ માળખા માટે મુશ્કેલ બન્યું છે અને દેશમાં બે કલાકનો વીજ કાપ છે. બુધવારે, ઉર્જા મંત્રાલયે જાહેરાત કરી હતી.

# ભારત અને પાકિસ્તાન વચ્ચે નિયંત્રણ રેખા પર કમાન્ડર સ્તરની બેઠક, સરહદ સંબંધીતુ મુદ્દાઓ પર ચર્ચા

(એચ.એસ.એલ),શ્રીનગર,તા.૧૦

ભારત અને પાકિસ્તાનની સેનાઓએ ગુરુવાર, ૧૦ એપ્રિલના રોજ જમ્મુ અને કાશ્મીરના પૂંછ જિલ્લામાં નિયંત્રણ રેખા પર બ્રિગેડ કમાન્ડર સ્તરની ફ્લેગ મિટિંગ યોજી હતી. આમાં સરહદ વ્યવસ્થાપન સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. આ મહિનામાં બંને પક્ષો વચ્ચે આ બીજી મુલાકાત છે. અધિકારીઓએ



જણાવ્યું હતું કે આ બેઠક ચકન-દા-બાગ ક્રોસ-પોઈન્ટ પર થઈ હતી. આ બેઠકનું નેતૃત્વ બંને પક્ષોના બ્રિગેડિયર સ્તરના અધિકારીઓએ કર્યું હતું. સંરક્ષણ પ્રવક્તાએ જણાવ્યું હતું કે બંને પક્ષોના ડીજીએમઓ વચ્ચેની સમજૂતી મુજબ ફ્લેગ મિટિંગ એ નિયમિત નિયંત્રણ રેખા (LoC) અને સરહદ વ્યવસ્થાપન પ્રક્રિયા છે. સંરક્ષણ પ્રવક્તાએ જણાવ્યું હતું કે ગુરુવારની બેઠક નિયંત્રણ રેખા પર નિયમિત મુદ્દાઓ પર ચર્ચા કરવા માટે યોજાઈ હતી. ભારતીય સેનાના અધિકારીઓએ તેમના સમકક્ષો સાથે ઘૂસણખોરીના પ્રયાસો, યુદ્ધવિરામ ઉલ્લંઘન અને આઈઈડી વિસ્ફોટોનો મુદ્દો પણ ઉઠાવ્યો હતો. તેમની સામે વિરોધ પણ વ્યક્ત કર્યો હતો.

# યોગી સરકારે ૮ વર્ષમાં એન્કાઉન્ટરમાં ૨૨૭ ગુનેગારોને ઠાર કર્યા, ૧ લાખ લોકો સામે કાર્યવાહી

લખનૌ,તા.૧૦

છેલ્લા આઠ વર્ષમાં ઉત્તર પ્રદેશમાં ગુનેગારોનો નાશ થયો છે. આ સમયગાળા દરમિયાન, એક લાખથી વધુ ગુનેગારોને જેલમાં મોકલવામાં આવ્યા હતા અને ૨૨૭ લોકોને એન્કાઉન્ટરમાં નર્કમાં મોકલવામાં આવ્યા હતા. એટલું જ નહીં, યોગી સરકારના નિર્દેશ પર, મિશન શક્તિ ફેઝ-૫ હેઠળ રાજ્યભરમાં દાસ કા દમ નામના ખાસ ઓપરેશન હાથ ધરવામાં આવ્યા હતા. આમાં ઓપરેશન ગરુડ, મજનુ, રક્ષા, બચપન, ખોજ, ઢાલ, નાશ, વ્યસન મુક્તિ અને ત્રિનેત્ર વગેરેનો સમાવેશ થાય છે. આ કામગીરી દ્વારા, યુપી પોલીસે મહિલાઓ, દીકરીઓ, બાળકો, યુવાનો અને સમાજના નબળા વર્ગોની સુરક્ષા સુનિશ્ચિત કરી છે. તે જ સમયે, ઓપરેશન ત્રિનેત્રે જઘન્ય ગુનાઓનો પર્દાફાશ કર્યો છે અને



ગુનેગારોને જેલના સળિયા પાછળ ધકેલી દીધા છે. ડીજીપી પ્રશાંત કુમારે જણાવ્યું હતું કે સીએમ યોગીની ઈચ્છા મુજબ, મિશન શક્તિ ફેઝ-૫ હેઠળ, યુપી પોલીસે રાજ્યભરમાં દસ ઓપરેશન હાથ ધર્યા. યુપી પોલીસનું આ અભિયાન ગુનેગારો માટે મૃત્યુઘંટ બની ગયું છે. યોગી સરકારનું દાસ કા દમ ઓપરેશન રાજ્યને ગુનામુક્ત બનાવવાનો એક ખ્યાલ છે, જેને જમીન પર સફળતાપૂર્વક અમલમાં મૂકવામાં આવ્યો છે. આ કામગીરી દ્વારા, એક લાખથી વધુ લોકો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી.

# યમનમાં અમેરિકાએ હવાઈ હુમલો કરતા ૧૦ હુથી બળવાખોરો માર્યા ગયા

(એચ.એસ.એલ),દુબઈ,તા.૧૦

અમેરિકાએ ઈરાન સમર્થિત હુથી બળવાખોરોના ઠેકાણાઓ પર મોટો હવાઈ હુમલો કર્યો હતો. અમેરિકાએ દાવો કર્યો છે કે યમનના લાલ સમુદ્રના બંદર શહેર હોદેઈદા નજીક અમેરિકાના હવાઈ હુમલામાં ઓછામાં ઓછા ૧૦ લોકો માર્યા ગયા છે અને ૧૬ અન્ય ઘાયલ થયા છે. બળવાખોરોના મતે, અમેરિકાએ હોદેદાના અલ-હવાક



જિલ્લાને નિશાન બનાવ્યું, જે શહેરના એરપોર્ટનું ઘર છે, જેનો ઉપયોગ ભૂતકાળમાં બળવાખોરો દ્વારા લાલ સમુદ્રમાંથી પસાર થતા જહાજો પર હુમલો કરવા માટે કરવામાં આવ્યો છે. બુધવારે હુથી બળવાખોરો દ્વારા જાહેર કરાયેલા આંકડા મુજબ, ગાઝા પટ્ટીમાં ઈઝરાયલ-હમાસ યુદ્ધ શરૂ થયા પછી લાલ સમુદ્રના ક્ષેત્રમાં જહાજોને નિશાન બનાવતા હુથી બળવાખોરો સામે શરૂ કરાયેલા યુએસ હવાઈ હુમલામાં અત્યાર સુધીમાં ઓછામાં ઓછા ૧૦૭ લોકો માર્યા ગયા છે.

# દિલ્હીમાં એર ઈન્ડિયા ફ્લાઈટના પાયલોટનું હાર્ટએટેકથી મોત નિપજ્યું

ન્યુ દિલ્હી, તા.૧૦

દિલ્હીમાં એર ઈન્ડિયા એક્સપ્રેસના એક પાયલોટનું હાર્ટ એટેકથી મૃત્યુ થયું છે. શ્રીનગર-દિલ્હી ફ્લાઈટના લેન્ડિંગ પછી પાયલોટ એરપોર્ટ પર અન્ય ઔપચારિકતાઓ પૂર્ણ કરી રહ્યો હતો ત્યારે ઈન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર આ ઘટના બની હતી. એરલાઈનના જણાવ્યા અનુસાર, લેન્ડિંગ પછી પાયલોટને તકલીફ થવા લાગી અને થોડા સમય પછી તે બેભાન થઈ ગયો. પાયલોટને હોસ્પિટલ લઈ જવામાં આવ્યો, પરંતુ ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો. પાયલોટનું નામ અરમાન છે. અરમાન ફક્ત ૨૮ વર્ષનો હતો અને તેના તાજેતરમાં જ લગ્ન થયા હતા. સાથી ક્રૂ સભ્યોએ જણાવ્યું હતું કે લેન્ડિંગ પછી પાયલોટે કોકપીટમાં ઉલટી કરી હતી અને પછી એરલાઈનની ડિસ્પેચ ઓફિસમાં હાર્ટ એટેક આવવાથી તેનું મૃત્યુ થયું હતું.

# સાન્ટો ડોમિંગોમાં છત ધરાશાયીની ઘટનામાં અત્યાર સુધીમાં ૧૮૪ લોકોના મોત નિપજ્યા

સાન્ટોડોમિંગો,તા.૧૦

ડોમિનિકન રિપબ્લિકની રાજધાની સાન્ટો ડોમિંગોમાં એક નાઈટ ક્લબની છત ધરાશાયી થતાં ઓછામાં ઓછા ૧૮૪ લોકોના મોત થયા છે.

આ દુઃખદ અકસ્માતમાં સેંકડો અન્ય લોકો પણ ઘાયલ થયા છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે સોમવાર અને મંગળવાર રાત્રિ દરમિયાન સાન્ટો ડોમિંગોની



પ્રખ્યાત જેટ સેટ નાઈટ ક્લબ ગાયકો, સંગીત ચાહકો, રમતવીરો અને સરકારી અધિકારીઓથી ભરેલું હતું. તેમણે કહ્યું કે મેરેંગ્યુ ગાયિકા રૂબી પેરેઝ સ્ટેજ પર પરફોર્મ કરી રહી હતી ત્યારે નાઈટ ક્લબની છત પરથી સિમેન્ટ પડવાનું શરૂ થયું અને થોડીવારમાં જ આખી છત તૂટી પડી.

# મ્યાનમાર ભૂકંપ પીડિતોને મદદ કરવા બદલ સંયુક્ત રાષ્ટ્રએ ભારતની પ્રશંસા કરી

મ્યાનમાર,તા.૧૦

સંયુક્ત રાષ્ટ્રએ મ્યાનમાર ભૂકંપ પીડિતોને વ્યાપક મદદ કરવા બદલ ભારતની પ્રશંસા કરી છે. મ્યાનમારમાં આવેલા વિનાશક ભૂકંપ પછી માનવતાવાદી સહાય પૂરી પાડવામાં ભારત એક મુખ્ય ખેલાડી તરીકે ઉભરી આવ્યું છે, તાત્કાલિક અને નોંધપાત્ર સહાય પૂરી પાડીને રાહત પ્રયાસોને મજબૂત બનાવ્યું છે, એમ યુએનના એક અધિકારીએ જણાવ્યું છે.



મ્યાનમારમાં યુએન ઓફિસ ફોર ધ કોઓર્ડિનેશન ઓફ હ્યુમેનિટેરિયન અફેર્સના વડા સજ્જાદ મોહમ્મદ સાજિદે 'ઓપરેશન બ્રહ્મા' હેઠળ સંસાધનોના ઝડપી ઉપયોગ બદલ ભારતની પ્રશંસા કરી, જેણે આપત્તિના થોડા દિવસોમાં જ ખોરાક, તબીબી પુરવઠો અને ફિલ્ડ હોસ્પિટલ સપોર્ટ સહિત ૧,૦૦૦ મેટ્રિક ટનથી વધુ માનવતાવાદી સહાય પહોંચાડી. તમને જણાવી દઈએ કે ૨૮ માર્ચે મ્યાનમારમાં ૭.૭ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. "સંસાધનો અને સુવિધાઓના ઝડપી ઉપયોગથી ઘણા લોકોને મદદ મળી, ખાસ કરીને મંડલેના શહેરી વિસ્તારોમાં," સાજિદે કહ્યું. તેમણે ઉલ્લેખ કર્યો કે ભારતે સૌથી વધુ અસરગ્રસ્ત વિસ્તારોમાં મદદ કરવા માટે ૨૦૦ સભ્યોની શોધ અને બચાવ ટીમ અને તબીબી કર્મચારીઓ પણ મોકલ્યા છે.

# રાષ્ટ્રપતિ શાસન બાદ પણ મણિપુરમાં તણાવ, કર્ફ્યુ લાદવામાં આવ્યો

ઈમ્ફાલ,તા.૧૦

મણિપુરમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ થયા છતાં પરિસ્થિતિ કાબુમાં આવી રહી નથી. મણિપુરમાં ફરી એકવાર કર્ફ્યુ લાદવામાં આવ્યો છે. ચુરાચાંદપુર જિલ્લામાં કર્ફ્યુ લાદવામાં આવ્યો છે. આદેશમાં કહેવામાં આવ્યું છે કે, ચુરાચાંદપુર અને કાંગવાઈ, સમુલામલન, સાંગાઈકોટ સબ-ડિવિઝનના બે ગામોમાં



૧૭મી એપ્રિલ સુધી સંપૂર્ણ કર્ફ્યુ નિયમો લાગુ રહેશે, પરંતુ બાકીના વિસ્તારોમાં, આવશ્યક ચીજવસ્તુઓ અને સેવાઓ માટે ૧૭મી એપ્રિલ સુધી સવારે ૬થી સાંજે ૫ વાગ્યા સુધી કર્ફ્યુમાં છૂટ આપવામાં આવશે. અહેવાલો અનુસાર, ૧૮મી માર્ચે ચુરાચાંદપુરમાં જોમી અને હમારના સમર્થકો સામસામે

**બે જૂથો વચ્ચેની અથડામણમાં એક વ્યક્તિનું મોત**

આવી ગયા હતા. બે જૂથો વચ્ચે થયેલી અથડામણમાં એક વ્યક્તિનું મોત થયું હતું. અનેક લોકો ઈજાગ્રસ્ત પણ થયા હતા. એક વ્યક્તિએ મોબાઈલ ટાવર પર ચઢીને જોમી ધ્વજ ઉતારી જમીન પર ફેંકી દીધો, જેના કારણે વિવાદ થયો હતો.

# રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ‘GATE 2025’નું ઉદ્‌ઘાટન કર્યું

**કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ વર્ચ્યુઅલી હાજર રહ્યાં**



અમદાવાદ,તા.૧૦

ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી વાર્ષિક ટ્રેડ એક્સ્પો “GATE ૨૦૨૫” નું ૧૦ એપ્રિલ ૨૦૨૫ના રોજ ઉદ્‌ઘાટન કરવામાં આવ્યુ હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે GATE ૨૦૨૫નું ઉદ્‌ઘાટન કર્યું હતું, જ્યારે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ વર્ચ્યુઅલ હાજર રહ્યાં હતા. વર્ષ ૨૦૪૭માં ભારતને વિકસિત દેશની હરોળમાં મૂકવાની નેમ સાથે આ એક્સ્પોનું આયોજન કરવામાં આવ્યું છે. આવનારાં વર્ષોમાં પણ આ ટ્રેડ એક્સ્પો ચાલુ રાખવામાં આવશે. આ એક્સ્પોમાં ૩૦૦થી વધુ લોકોએ ભાગ લીધો છે અને આશાસ્પદ ગણાતાં ૩૦થી વધુ સ્ટાર્ટઅપ્સ અને બીજા મોટા ઉદ્યોગો ભાગ લેશે તેમજ MSME એકમો મોટા પ્રમાણમાં ભાગ લઈ રહ્યા છે. GATE ૨૦૨૫”નો ઉદ્દેશ ઉદ્યોગોને ગ્રાઉન્ડ બ્રેકિંગ સોલ્યુશન્સ દર્શાવવા, સહયોગને પ્રોત્સાહન આપવા અને “વિકસિત ભારત” સંયુક્ત વિઝનને પરિપૂર્ણ કરવા માટે ગુજરાતની ઉદ્યોગસાહસિક ભાવનાને પ્રદર્શિત કરવા માટે એક મજબૂત પ્લેટફોર્મ પ્રદાન કરવાનો છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે GATE ૨૦૨૫ના ઉદ્‌ઘાટન પ્રસંગે વર્ચ્યુઅલ માધ્યમ થકી ઉપસ્થિત રહી સંબોધન કર્યું હતું, જ્યારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગેટ ૨૦૨૫નું ઉદ્‌ઘાટન કર્યું હતું. આ ઉપરાંત બળવંતસિંહ રાજપૂત, જગદીશ વિશ્વકર્મા અને ઝાયડસના ચેરમેન પંકજ પટેલ પણ હાજર રહ્યા હતા.

# રાજ્યમાં એટીએસની ટીમે બોગસ હથિયાર લાયસન્સ મેળવવાના ગુનામાં ૧૮ આરોપીને ઝડપ્યા

અમદાવાદ,તા.૧૦



ગુજરાત એટીએસની ટીમે બોગસ હથિયાર લાયસન્સ મેળવવાના કેસમાં કુલ ૧૮ આરોપીની ધરપકડ કરી છે. હથિયારના શોખીન આ શખ્સોએ ગુજરાત બહારના રાજ્યોમાંથી લાખો રૂપિયા ચુકવીને આ હથિયારો ખરીદ્યા હોવાનું તપાસમાં બહાર આવ્યું છે. ગુજરાત એટીએસે ગત ૮મી તારીખે બોગસ લાયસન્સ ધરાવનાર સાત આરોપીઓની ધરપકડ કરી કુલ ૦૬ હથિયાર સહિત ૧૩૫ કારતૂસ કબ્જે કર્યા હતા. જેની તપાસ અને રિમાન્ડ દરમિયાન વધુ ૧૬ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે, જેની પાસેથી પણ બોગસ હથિયાર લાયસન્સ સાથે ૧૫ હથિયાર અને ૪૮૯ કારતૂસ કબ્જે કરવામાં આવ્યા છે . જેમાં અનિલ ગૌરિશંકર રાવલ, અરજણ વિહા ભરવાડ, ભરત રામા ભરવાડ, દેહુલ રાજુ ભરવાડ, દેહુર બચુ ભોકરવા, જનક બલુ પટેલ, જય શાંતિલાલ પટેલ, જગદિશ રેવા ભુવા, લાખા રઘુ ભરવાડ, મનિશ રમેશ રૈયાણી, નિતેશ ભાયા મિર, રમેશ ભોજા ભરવાડ, રિશિ ઉમેશભાઈ દેસાઈ, સમિર ભિખુ ગધેથરિયા, વિરાજ જોગા ભરવાડ અને વિરમ સોંડા ભરવાડનો સમાવેશ થાયછે.

# સાળંગપુર ધામમાં ૧૨મી એપ્રિલે હનુમાન જયંતીની ભવ્ય ઉજવણી થશે

ભાવનગર,તા.૧૦

હનુમાન જયંતીને હવે ગણતરીના દિવસ બાકી રહ્યા છે ત્યારે સાળંગપુર ધામમાં ૧૨ મી એપ્રિલે હનુમાન જયંતીની ધામધૂમથી અને ભવ્ય ઉજવણી થવાની છે. સાળંગપુર કષ્ટભંજન હનુમાનજી મંદિર દ્વારા હનુમાન જયંતી મહોત્સવની તડામાર તૈયારીઓને આખરી ઓપ અપાઈ રહ્યો છે. સાળંગપુર ધામ કષ્ટભંજન હનુમાનજી મંદિરે ચૈત્રી પૂર્ણિમા, શનિવાર અને હનુમાન જયંતીના મહાસંગમે ઐતિહાસિક હનુમાન જન્મોત્સવની ઉજવણી થનાર છે. સાળંગપુર ધામમાં શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે તારીખ ૧૧ અને ૧૨ એપ્રિલ-૨૦૨૫ને શુક્રવાર-શનિવારના રોજ દાદાના દરબારમાં શ્રીહનુમાન જયંતી મહોત્સવની ભવ્યાતિભવ્ય ઉજવણી થનાર છે. ૫૪ ફૂટના કિંગ ઓફ સાળંગપુર મૂર્તિની ભવ્ય સમૂહ આરતી, ભવ્ય રાજોપચાર, અન્નકૂટ અને મહાસંધ્યા આરતી જેવા અનેક પ્રસંગોમાં આચાર્ય રાકેશપ્રસાદજી મહારાજ તેમજ હરિપ્રકાશદાસજી સ્વામી અને વડીલ સંતોના આશીર્વાદ પ્રાપ્ત થશે.

# ચીમકી: સરકાર હકારાત્મક નિર્ણય નહી કરે તો મહેસુલી કર્મચારીઓ કાળી પટ્ટી ધારણ કરશે

ગાંધીનગર, તા.૧૦



ગુજરાત મહેસૂલી મહામંડળે કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું છે. મહેસૂલી કર્મચારીઓના વિવિધ પ્રશ્નોના નિરાકરણ માટે સરકાર કક્ષાએ વારંવાર રજૂઆત છતાં કોઈ યોગ્ય નિર્ણય લેવાયો નથી. ૧૭ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ અધિક મુખ્ય સચિવને આવેદનપત્ર આપ્યા બાદ રૂબરૂ મુલાકાત પણ કરવામાં આવી હતી. પરંતુ હકારાત્મક નિરાકરણને બદલે કેટલાક નાયબ મામલતદારોની માંગણી કે મંજૂરી વગર દૂરના જિલ્લાઓમાં બદલી કરવામાં આવી છે. આ બદલીઓથી કર્મચારીઓના સામાજિક અને પારિવારિક જીવન પર વિપરીત અસર થશે. મહિલા કર્મચારીઓને પણ મુશ્કેલીઓનો સામનો કરવો પડશે. જો ૧૦ દિવસમાં સરકાર તરફથી હકારાત્મક નિર્ણય નહીં આવે તો કર્મચારીઓ કાળી પટ્ટી ધારણ કરશે અને માસ સીએલ તેમજ હડતાલ પર જશે.

# વલસાડની ૧૪ વર્ષીય દુષ્કર્મ પીડિતાને હાઈકોર્ટે ગર્ભપાતની મંજૂરી આપી

અમદાવાદ,તા.૧૦

ગુજરાત હાઈકોર્ટમાં વલસાડની ૧૪ વર્ષીય દુષ્કર્મ પીડિતાના પિતા દ્વારા સગીરાનાં ૨૬ સપ્તાહના ગર્ભના ગર્ભપાત માટે અરજી કરાઈ હતી, જેમાં હાઈકોર્ટે સગીરાની મેડિકલ તપાસ માટેના નિર્દેશ આપ્યા હતા. એ બાદ હાઈકોર્ટે ચીફ મેડિકલ ઓફિસરની દેખરેખ હેઠળ સગીરાના ગર્ભપાતની મંજૂરી આપી હતી. ઉલ્લેખનીય છે કે ગુજરાત હાઈકોર્ટ દ્વારા બે વર્ષમાં આજના કેસ સહિત ૧૩ પીડિતાને ગર્ભપાતની મંજૂરી આપવામાં આવી છે, જેમાં ૧૦ સગીરાનો સમાવેશ થાય છે. વલસાડની ૧૪ વર્ષીય દુષ્કર્મ પીડિતાના પિતા દ્વારા સગીરાના ગર્ભપાત માટે ગુજરાત હાઈકોર્ટમાં અરજી કરવામાં આવી હતી. સગીરા સાથે દુષ્કર્મ અને પોક્સો એક્ટ હેઠળ વાંસદા પોલીસ મથકે ચાલુ વર્ષે ફરિયાદ નોંધાઈ હતી. સગીરાને ૨૬ સપ્તાહનો ગર્ભ છે. હાઈકોર્ટે વાપીની GMERS હોસ્પિટલને સગીરાના મેડિકલ તપાસ માટેના નિર્દેશ આપ્યા હતા.

# રાજયમાં ધો. ૧થી ૧૨ના વર્ગો ચલાવનારાઓએ પ્રિ-પ્રાઈમરી માટે મંજૂરી આપવા માંગ કરી

**શાળા સંચાલક મંડળે મુખ્યમંત્રીને પત્ર પાઠવ્યો**



અમદાવાદ,તા.૧૦

રાજ્યમાં પ્રિ-પ્રાઈમરી સ્કૂલના રજીસ્ટ્રેશનને લઈને વિવાદ ચાલી રહ્યો છે. ત્યારે રાજ્ય શાળા સંચાલક મંડળે મુખ્યમંત્રીને પત્ર લખીને જણાવ્યું છે કે, જે સ્કૂલો ધોરણ ૧થી ૧૨ના વર્ગ ચલાવે છે તેમને પ્રિ-પ્રાઈમરી માટે મંજૂરી આપવામાં આવે. આ સ્કૂલો પાસે મેદાન, વર્ગો, ફાયર એનઓસી, ભાડા કરાર સહિતની તમામ વ્યવસ્થા છે. જેથી આ સ્કૂલોને પ્રિ-પ્રાઈમરી માટે મંજૂરી આપવી જોઈએ. પ્રી પ્રાઈમરી સ્કૂલ ચલાવવા માટે સરકાર દ્વારા ગાઈડલાઈન બનાવવામાં આવી છે. ગાઈડલાઈન મુજબ નિયમોનું પાલન થાય તે સ્કૂલોની જ નોંધણી કરાવવામાં આવે છે. ત્યારે અત્યાર સુધી માત્ર ૪૦૦થી ૫૦૦ સ્કૂલોએ જ નોંધણી કરાવી છે, પરંતુ નોંધણીમાં નિયમોને લઈને સંચાલકો અસહમત હોવાથી પ્રિ-પ્રાઈમરી સ્કૂલોના સંચાલકોએ હજુ સુધી નોંધણી કરાવી નથી.

# સુરતમાં હીરા કારખાનામાં રત્નકલાકારોની સામૂહિક હત્યાના પ્રયાસનો ગુનો નોંધાયો

સુરત,તા.૧૦



સુરતના કાપોદ્રા વિસ્તારમાં અનભ ડાયમંડમાં પીવાના પાણીના ફિલ્ટરમાં સેલ્ફોસનું પાઉચ ભેળવી દઈ સામૂહિક રીતે રત્નકલાકારોની હત્યાનું ષડ્‌યંત્ર રચવામાં આવ્યું હતું. ફિલ્ટરનું પાણી પીધા બાદ ૧૧૮ રત્નકલાકારને સેલ્ફોસની અસર થઈ હતી. જેમાંથી ૧૦૪ રત્નકલાકારોને ડિસ્ચાર્જ કરી દેવામાં આવ્યા છે. જ્યારે હજુ ૪ ICUમાં અને ૧૨ ઓબ્ઝર્વેશન હેઠળ છે. પોલીસે રત્નકલાકારોની સામૂહિક હત્યાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. કિરણ હોસ્પિટલમાંથી ૧૦૪માંથી ૯૦ રત્નકલાકારને રજા આપવામાં આવી છે. જ્યારે ડાયમંડ હોસ્પિટલમાંથી ૧૪માંથી ૧૨ને રજા આપવામાં આવી છે. કિરણ હોસ્પિટલમાં ૨ અને ડાયમંડ હોસ્પિટલમાં ૨ રત્નકલાકાર ICUમાં છે જ્યારે ૧૨ કારીગરોને ઓબ્ઝર્વેશનમાં રાખવામાં આવ્યા છે. પોલીસ દ્વારા હત્યાના પ્રયાસની કલમ હેઠળ ગુનો નોંધીને તપાસ હાથ ધરવામાં આવી છે. જે જગ્યા પર ફિલ્ટર હતું ત્યાં સીસીટીવી નથી. કારખાનાથી વાકેફ હોય એ વ્યક્તિ એટલે કે કારખાના કારીગર દ્વારા જ આ કૃત્ય કરવામાં આવ્યું હોય એવી આશંકા છે, જેથી પોલીસ FSLની સાથે ટીમ બનાવીને અસરગ્રસ્ત ૧૧૮ સહિત કારખાનામાં બેસતા તમામ રત્નકલાકારોનાં નિવેદન નોંધશે.

# પોલીસ દ્વારા વ્યાયામ શિક્ષકો સામે નવી રણનીતિ : અટકાયત કરી સીધા ઘરે મોકલ્યા

ગાંધીનગર,તા.૧૦



કાયમી વ્યાયામ શિક્ષક તરીકે નિમણૂક કરવાની માંગ સાથે છેલ્લા એક મહિનાથી ગાંધીનગરની સત્યાગ્રહ છાવણી ખાતે આંદોલન કરી રહેલા ઉમેદવારો સામે પોલીસ દ્વારા હવે નવી રણનીતિ અપનાવાઈ હોવાનું બહાર આવ્યું છે. ઉમેદવારોના આક્ષેપ પ્રમાણે, હવે તેમની અટકાયત કર્યા બાદ તેમને તેમના વતન મોકલી દેવામાં આવે છે અને સાથે સાથે ફરી ગાંધીનગર ન આવવાની કડક સૂચનાઓ પણ આપવામાં આવે છે. ઉમેદવારોના મતે, બળપૂર્વક અટકાયત કરીને રાત્રે છોડી મૂકવાની પ્રક્રિયા હવે બદલાઈ ગઈ છે. અગાઉ સાંજે કે રાત્રે ગાંધીનગરના નજીકના વિસ્તારોએ છોડી મુકાતા હતા, પરંતુ હવે ઉમેદવારો જે જિલ્લાના હોય તેની જિલ્લા પોલીસના સહયોગથી સીધા ઘરે જ મોકલી દેવામાં આવે છે.

# સુરતમાં સગીરાને પ્રેમજાળમાં ફસાવી ૪ મિત્રોએ દુષ્કર્મ આચર્યું

સુરત,તા.૧૦

સુરત જિલ્લામાં દુષ્કર્મની વધુ એક ઘટના સામે આવી છે. જેમાં બારડોલીની એક સગીરાને પ્રેમજાળમાં ફસાવીને ચાર મિત્રોએ તેની સાથે દુષ્કર્મ આચર્યું હતું. આ સગીરાને પ્રેમજાળમાં ફસાવી તેના પ્રેમીએ દુષ્કર્મ આચર્યું હતું ઉપરાંત તેના પ્રેમીના ત્રણ સાથી મિત્રોએ પણ સગીરાને પ્રેમ સંબંધ જાહેર કરવાની ધમકી આપી સગીરા સાથે દુષ્કર્મ આચર્યું હતું. સગીરાએ બારડોલી ટાઉન પોલીસમાં ફરિયાદ આપતા ગણતરીના કલાકોમાં પોલીસે ચાર નરાધમોની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી છે. એક વર્ષ અગાઉ બારડોલી નગરમાં રહેતી એક સગીરાને બારડોલીના જલારામ હુડકો સોસાયટીમાં રહેતા રોનીત પાંડે સાથે સોશિયલ મીડિયા થકી મિત્રતા થઈ હતી. મિત્રતા થયા બાદ રોનિત પાંડેએ સગીરા સાથે અવારનવાર શરીર સંબંધો બાંધ્યા હતા.

અમરેલી જીલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘ લી. અમરેલી.
‘અમર ડેરી’ અમર ત્રિભેટો – ધારી રોડ અમરેલી ૩૬૫૬૦૧.

પત્ર ક્રમાંક - અમર/એ.ડી./એમ.ડી./૦૯/૨૫-૨૬ તા. ૧૦-૦૪-૨૦૨૫

ચુંટણી સંબધિત
(અત્યંત જરૂરી સમય મર્યાદિ)

આથી દુધ સંઘની તમામ સંયોજીત સહકારી સંસ્થાને જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘ લી અમરેલી સાથે સંયોજીત સહકારી મંડળીના પ્રતિનિધિઓ (ડીરેકટર)ની ચુંટણી સને ૨૦૨૫ ના વર્ષમાં થનાર છે. તો આ દુધ સંઘના બોર્ડ ઓફ ડીરેકટર્સની ચુંટણીમાં આપની મંડળીના પ્રતિનિધિ તરીકે નિમણુંક કરતો ઠરાવ જે નિયત નમુનામાં મંડળીને અલગથી રજી. એડીથી મોકલી આપવામાં આવશે તે મુજબનો અને વિગતો સંપુર્ણ ભરી અમરેલી જીલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘ લી. ને તા. ૧૭-૦૪-૨૦૨૫ ના સાંજના ૫-૦૦ કલાક સુધીમાં મળી જાય તે રીતે મોકલી આપવા આથી જાણાવવામાં આવે છે. નિયત તારીખ પછી આવેલ ઠરાવો સ્વીકારવામાં આવશે નહી જેની નોંધ લેશો.

ડો. આર.એસ. પટેલ
મેનેજીંગ ડીરેકટર
અમર ડેરી - અમરેલી







